પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૫૦ • કુલ પાના : ૪ • તારીખ : ૧૫-૦૬-૨૦૨૪ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ઈટાલીના વડા પ્રધાન મેલોનીએ નમસ્તે સાથે પીએમ મોદીનું સ્વાગત કર્યું; ભારત-ઈટાલી વચ્ચે દ્વિપક્ષીય મુદ્દાઓ પર વાતચીત



રોમ

આજે દુનિયા મેલોનીને જે રીતે જોઈ રહી છે. તે રાતોરાત આ બિંદુ સુધી પહોંચી નથી. તેમણે ૨૦૨૨ માં ઈટાલિયન વડા પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી, ઘણા લોકોએ તેમના બ્રધર્સ ઓફ ઈટાલી પાર્ટીના નિયો-ફાસીવાદી ઈતિહાસ વિશે ચિંતા વ્યક્ત કરી છે. પરંતુ મેલોનીએ પોતાની વિશ્વની છબી વધારવામાં કોઈ કસર છોડી નથી. તેણે માત્ર તેના વિરોધીઓ અને શંકા કરનારાઓને ચૂપ કર્યા જ નહીં પરંતુ શક્તિશાળી દેશ અમેરિકાના જો બિડેન અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન જેવા વૈશ્વિક નેતાઓ સાથેના સંબંધોને ગાઢ અને મજબૂત બનાવ્યા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જી-૭ સમિટની બાજુમાં અપુલિયામાં બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનક સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ દરમિયાન પીએમ મોદીએ ભારત અને બ્રિટન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીમાં જી૭ શિખર સંમેલન દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી હતી. બેઠક બાદ પીએમ મોદીએ કહ્યું કે ભારત યુક્રેન સાથે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા આતુર છે. તેમણે વધુમાં કહ્યું કે રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથેની મુલાકાત ખૂબ જ અર્થપૂર્ણ રહી.

જી ૭ સમિટમાં ભાગ લેવા ઈટાલી પહોંચેલા વડાપ્રધાન મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરી હતી. બંને રાજ્યોના વડાઓએ સંરક્ષણ એઆઇ (કૃત્રિમ બુદ્ધિમત્તા), જટિલ ટેકનોલોજી અને અવકાશ જેવા મુખ્ય ક્ષેત્રોમાં ભાગીદારી વધારવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. પીએમ મોદીએ આગામી પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ની યજમાની કરવા બદલ રાષ્ટ્રપતિ મેક્રોનને અભિનંદન પાઠવ્યા હતા. ઈટાલીમાં જી ૭ સમિટના આઉટરીચ સત્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોપ ફ્રાન્સિસને મળ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ તેમને ગળે લગાવ્યા અને મળ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની થોડા સમય પહેલા અપુલિયામાં મળ્યા હતા. આ બેઠક ખૂબ જ ખાસ હતી. આ વખતે પીએમ મોદીએ ભારતની સાંસ્કૃતિક પરંપરા મુજબ જ્યોર્જિયા મેલોનીનું હાથ જોડીને સ્વાગત કર્યું. આ પછી ઈટાલીના પીએમે પણ આવી જ રીતે વડાપ્રધાન મોદીનું અભિવાદન કર્યું હતું. રેકોર્ડ ત્રીજી વખત પીએમ બન્યા બાદ મેલોની અને મોદીની આ પહેલી મુલાકાત છે. બંને નેતાઓ જી૭ની સાથે સાથે દ્વિપક્ષીય મંત્રણા પણ કરવાના છે.

ભારત અને ઈટાલી બંને લોકશાહી દેશો છે અને ગાઢ મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. બંને દેશો કાયદાના શાસન, માનવાધિકારોના આદર અને સર્વસમાવેશક વૃદ્ધિ દ્વારા આર્થિક વિકાસના લક્ષ્યોને હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. બંને દેશોએ ગયા વર્ષે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણી પણ કરી હતી. પીએમ નરેન્દ્ર મોદીએ ઓક્ટોબર ૨૦૨૧માં જી-૨૦ સમિટ માટે ઈટાલીની મુલાકાત લીધી હતી. ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની માર્ચ ૨૦૨૩માં ભારતની સરકારી મુલાકાતે આવ્યા હતા. મેલોની જી-૨૦ સમિટ માટે ભારત પણ આવી હતી.

ભારત અને ઈટાલી સંરક્ષણ, ઉર્જા અને વિજ્ઞાન અને ટેક્નોલોજી સહિતના અનેક મુદ્દાઓ પર સાથે મળીને કામ કરે છે. પીએમ મોદીની આ મુલાકાતથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો પણ 'વ્યૂહાત્મક ભાગીદારી'ના સ્તરે ઉન્નત થઈ શકે છે. અગાઉ, ૨૦૨૩માં ૨૨૦ સંબંધિત બેઠકો માટે ઘણા ઈટાલિયન મંત્રીઓ ભારતની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર, નાણા, કૃષિ, શિક્ષણ અને સંસ્કૃતિ જેવા વિષયો પર વાતચીત થઈ હતી. ઈટાલિયન સેનેટ અને ચેમ્બર ઓફ ડેપ્યુટીઝના સ્પીકર અને પ્રેસિડેન્ટ પણ ગયા વર્ષે જી૨૦ મીટિંગમાં સામેલ થયા હતા.

## હવે નાપાસ વિદ્યાર્થીનું આખુ વર્ષ નહિ બગડે, એડમિશન માટે શિક્ષણ બોર્ડે નિયમ બદલ્યો

ગાંધીનગર,

વેકેશન બાદ ગઈકાલથી ગુજરાતમાં શાળાનો પ્રારંભ થયો છે. આ વર્ષે ગુજરાતભરની શાળાઓમાં નવી શિક્ષણ નીતિ લાગુ કરવામાં આવી છે. જે મુજબ અનેક ફેરફારો કરાયા છે. ગુજરાત બોર્ડ દ્વારા વર્ગ બઢતીનો નવો નિયમ જાહેર કરાયો છે. જે મુજબ ધોરણ ૯ અને ૧૧ માં નાપાસ વિદ્યાર્થીની ફરી પરીક્ષા લઈને આગળ પ્રવેશ આપવામાં આવશે. ગુજરાત બોર્ડ દ્વારા કેટલાક નિયમોમાં ધરખમ ફેરફારો કરાયા છે. બોર્ડ દ્વારા વર્ગ બઢતી માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. નવુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું છે ત્યારે એક ધોરણ-૧૦ માં બેઝિક સ્ટાન્ડર્ડ ગણિત મુદ્દે બેદરકારી સામે આવી છે. ત્યાર બાદ હવે ધોરણ ૯ અને ધોરણ ૧૧ માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પંદર દિવસ બાદ ફરી પરીક્ષા લેવા માટે આદેશ કરાયો છે. સ્કૂલોએ ફરી નાપાસ વિદ્યાર્થીઓ માટે વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. નવા નિયમ મુજબ, સ્કૂલોએ ૨૯ જુન સુધી રીટેસ્ટ લેવાની રહેશે. ૩૩ ટકા કે તેથી વધુ ગુણ સાથે પાસ વિદ્યાર્થીને આગળના ધોરણમાં પ્રવેશ આપવાનો રહેશે.

એક તરફ ધોરણ ૯ અને ધોરણ ૧૧ માં એડમિશન અપાઈ ગયા છે અને શાળાઓ શરૂ થઈ ગઈ છે, ત્યારે ફરી પરીક્ષા બાદ પાસ થનારને કેવી રીતે પ્રવેશ આપવો તે અંગે શાળાની મૂંઝવણ વધી છે. સ્કૂલોએ ૨૯ જુન સુધી રીટેસ્ટ લેવાનો રહેશે. આમ, શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ગયા બાદ રીટેસ્ટ અને નવા એડમિશન પ્રોસેસ શાળાઓના માથાનો દુખાવો બન્યો છે. નવા નિયમો ધો. ૯ના નિયમો મુજબ વર્ગબઢતી માટે વિદ્યાથીએ પ્રથમ, દ્વીતિય અને વાર્ષિક પરીક્ષા સહિતની ત્રણ પરીક્ષામાંથી પરીક્ષા આપવી ફરજીયાત રહેશે. પાસ થવા માટે દરેક વિષયમાં ૩૩ ટકા ગુણ હોવા જોઈએ અને બઢતી માટે જે તે વિષયમાં ઓછામાં ઓછા ૨૫ ટકા ગુણ હોવા જોઈએ. વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૧૦૦ ગુણના આધારે તૈયાર કરાશે.

ઈ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી આગળના ધોરણમાં નહીં જઈ શકે. . ધો.૯ અને ૧૧માં ૩૩ ટકાથી વધુ ગુણ લાવનારને દરેક ટકા દીઠ એક ગુણ અને વધુમાં ૧૫ ગુણની મર્યાદામાં રહીને પાસ થવા માટે ખુટતા ગુણ આપી શકાશે.

એકથી વધુ વિષયમાં નાપાસને આગળ પ્રવેશ માટે આચાર્ય ૧૦ સુધી કૃપાગુણ આપી શકશે. પરંતુ આ ગુણ વત્તા કરી અલગ દર્શાવવાના રહેશે અને રેક નહીં મળી શકે. વિદ્યાર્થીની શાળામાં હાજરી ૧૦૦ ટકા ફરજીયાત રહેશે. ૧૫ ટકા સુધી સુધી છુટ આચાર્ય આપી શકશે. ૧૫થી૨૫ ટકા સુધી છુટ ડીઈઓ આપી શકશે.૨૬ ટકાથી વધુ છુટ બોર્ડના સચિવની પૂર્વ પરવાનગીથી આપી શકાશે. ધો.૧૦અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં જે દિવ્યાંગોને છુટછાટ અપાય છે તે જ રીતે ધોરણ ૯ અને ૧૧ની સ્કૂલ પરીક્ષામાં પણ છુટ આપવાની રહેશે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ માં ગણિત વિષયને લઈને મહત્વની જાહેરાત કરાઈ છે. ધોરણ ૧૧ મા પ્રવેશ માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. ધોરણ ૧૦ મા બેઝિક અને સ્ટાન્ડર્ડ ગણિત હશે, તો ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહ ગ્રુપ એ, ગ્રુપ બી, ગ્રુપ એબી અથવા સામાન્ય પ્રવાહમાં પણ પ્રવેશ મળી શકશે. ધોરણ ૧૦ બેઝીક ગણિત હશે તો વિદ્યાર્થી વિજ્ઞાન પ્રવાહ ગ્રુપ એ માટે યોગ્યતા ચકાસી પ્રવેશ મળશે. ૨૦૨૪ -૨૫ શૈક્ષણિક સત્રથી આનો લાભ મળશે.

## ડાંગમાં વાદળ ફાટતા ખાપરી નદીમાં અચાનક ઘોડાપુર આવ્યું, કોઝવે પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ઠપ્પ



ડાંગ,

આહવા તાલુકાના ગલકુંડ વિસ્તારમાં ધોધમાર વરસાદ તૂટી પડયો હતો. સાપુતારા સહીત છુટા છવાયા વિસ્તારોમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા હતા જયારે ગલકુંડ વિસ્તારના ડુંગર પર વાદળ ફાટતા હોય તેવા દ્રશ્યો નજરે પડયા હતા. વાદળ ફાટતા ખાપરી નદીમાં અચાનક ઘોડાપુર આવ્યું હતું. ખાપરી નદીના કેચમેન્ટ એરિયામાં આવતા ડુબાઉ કોઝવે પર નદીના પૂરના પાણી ફરી વળતા થોડા સમય માટે વાહન વ્યવહાર પણ ઠપ્પ થયો હતો. હવામાન વિભાગે તારીખ ૧૫ અને ૧૬ ડાંગ જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. ઉલ્લેખનીય છે ડાંગ ઉપરાંત નવસારીમાં પણ વરસાદી માહોલ છે. અહીં પણ મેઘરાજા મનમુકીને વરસ્યા હતા.

ડાંગમાં વરસાદ સાથે જ સમગ્ર વાતાવરણ આહલાદક બની ગયું છે. અને નયનરમ્ય દ્રશ્યો સર્જાયા છે.આહવા તાલુકાના ગલકુંડ વિસ્તારના ડુંગર પર ધોધમાર વરસાદ થયો મહત્વપૂર્ણ છે કે હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને નવસારી, ડાંગ વિસ્તારમાં આજના દિવસ માટે ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી હતી, અને આગાહી અનુસાર ડાંગમાં આજે મેઘરાજા ધોધમાર વરસી રહ્યા છે.

## ગૌતમ અદાણીએ ખરીદી વધુ એક સિમેન્ટ કંપની, કરોડોમાં ડીલ ફાઈનલ થઈ




મુંબઈ,

દેશની સિમેન્ટ કંપનીમાં અદાણી ગ્રૂપનો દબદબો સતત વધી રહ્યો છે. હવે અદાણી ગ્રૂપે વધુ એક સિમેન્ટ કંપની ખરીદી છે. સિમેન્ટ કંપની અંબુજા સિમેન્ટે પેન્ના સિમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ સાથે કરાર કર્યા છે. આ ડીલ ૧૦,૪૪૨ કરોડ રૂપિયામાં થઈ છે. આ ડીલની સાથે અંબુજા સિમેન્ટ દક્ષિણ ભારતમાં પોતાનો બિઝનેસ વિસ્તારવાનું પ્લાનિંગ કરી રહી છે. સપ્ટેમ્બર ૨૦૨૨ માં અદાણી ગ્રૂપ તરફથી અંબુજા સિમેન્ટ ખરીદ્યા બાદ આ કંપનીની ચોથી મોટી બિઝનેસ ડીલ છે. હૈદરાબાદ બેઝ્ડ પેન્ના સિમેન્ટના પ્રમોટતર પી.પ્રતાપ રેડ્ડી અને તેમનો પરિવાર આ બિઝનેસ સંભાળે છે. આ ગ્રૂપનું વાર્ષિક સિમેન્ટ પ્રોડક્શન ૧૪ મિલિયન ટન છે. જેમાં હાલ ૪ મિલિયન ટન સિમેન્ટ બનાવવાની ફેક્ટરી તૈયાર થઈ રહી છે.

અંબાજુ સિમેન્ટ તરફથી પેન્ના કંપનીને ખરીદવા માટે પોતાના જ જમા કરાયેલા રૂપિયાનો ઉપયોગ કરશે. તેનાથી સાઉથ ઈન્ડિયામાં અંબુજા સિમેન્ટની હિસ્સેદારી ૮ ટકા વધી જશે. આ ડીલ થોડા મહિના પહેલા માર્કેટની લીડર કંપની એલ્ટ્રાટેક તરફથી કેસોરામ ઈન્ડસ્ટ્રીઝના નિર્માણ સામગ્રી કારખાનાઓને ખરીદવાના બાદ કરવામાં આવી છે. એપ્રિલના અંત સુધી અંબુજા સિમેન્ટ પાસે ૨૪,૩૩૮ કરોડ રૂપિયા નકદ હતા. તેમાં અદાણી ગ્રૂપથી મળેલા ૮૩૩૯ કરોડ વોરન્ટ રાશિ સામેલ છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, પેન્ના સિમેન્ટની ડીલ બાદ હવે અંબુજા સિમેન્ટની ઉત્પાદન ક્ષમતા વધારવામાં મદદ કરશે. હવે એસીસી અને સાંગી ઈન્ડસ્ટ્રીઝ પણ અંબુજાનો ભાગ છે. અદાણી ગ્રૂપનું ટાર્ગેટ વર્ષ ૨૦૨૮ સુધી ૧૪૦ મિલિયન ટન સિમેન્ટ ઉત્પાદન કરવાનું છે. કુમાર મંગલ બિરલાના માલિકીવાળી અલ્ટ્રાટેક સિમેન્ટની ક્ષમતા ૧૫૦ મિલિયન ટનથી વધારે છે. હરિ મોહન બંગુરના નેતૃત્વવાળી દેશની ત્રીજી સૌથી મોટી સિમેન્ટ ઉત્પાદન કંપની શ્રી સિમેન્ટે એપ્રિલ મહિનામાં જ આંધ્ર પ્રદેશમાં ૩ મિલિયન ટનનું સંયંત્ર શરૂ કર્યુ છે. આ સાથે જ કંપનીની ઉત્પાદન ક્ષમતાને વધારીને ૫૬ મિલિયન ટન સુધી કરવાનું ટાર્ગેટ સેટ કરાયું છે.

અંબુજા સિમેન્ટ તરફખી ગુજરાતની સાંગી, તમિલનાડુમાં માય હોમ સિમેન્ટ ફેક્ટરી અને હિમાચલ પ્રદેશ તથા પંજાબમાં કારખાનાઓને ખરીદવાનો પ્લાન હતો. પ્રતાર રેડ્ડી તરફથી પહેલા સિમેન્ટ બિઝનેસ માટે આઈપીઓ લાવવાનો પ્લાન બનાવાયો હતો. પરંતુ બાદમાં તેમણે પ્લાનિંગમાં મોટો બદલાવ કર્યો હતો. ઓક્ટોબર, ૨૦૨૧ માં પેન્નાને સેબી તરફથી ૧૫૫૦ કરોડ રૂપિયાનો આઈપીઓ લાવવાની મંજૂરી મળી હતી. પરંતુ તેણે આ પ્લાન આગળ વધાર્યો ન હતો.

## કુવૈત આગ : સુપર હર્ક્યુલસ મૃતકોના મૃતદેહો લઈને કોચી એરપોર્ટ પર ઉતર્યો, સૌની આંખો ભીની



નવીદિલ્હી,

કુવૈતમાં ભીષણ આગમાં મૃત્યુ પામેલા ૪૫ લોકોની ઓળખ ભારતીય તરીકે કરવામાં આવી છે. આ બિલ્ડિંગમાં ૧૯૬ પરપ્રાંતિય કામદારો કામ કરી રહ્યા હતા. મૃતકોમાં બે ઉત્તર પ્રદેશના, ૨૪ કેરળના, સાત તમિલનાડુના અને ત્રણ આંધ્રપ્રદેશના હતા. દરમિયાન, ભારતીય વાયુસેનાનું એક વિશેષ વિમાન શુક્રવારે સવારે ૪૫ મૃત ભારતીયોના મૃતદેહોને લઈને કોચી પહોંચ્યું હતું. ભારતીય દૂતાવાસે આ અંગે માહિતી આપી છે. દૂતાવાસે કહ્યું કે વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહ પણ આ જ ફ્લાઈટથી પરત ફર્યા હતા.વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે કુવૈતના વિદેશ મંત્રી અબ્દુલ્લા અલી અલ-યાહ્યા સાથે મુલાકાત કરી. અલ-યાહ્યાએ સંપૂર્ણ સહયોગનું વચન આપ્યું હતું. સિંહ પ્રથમ નાયબ વડા પ્રધાન શેખ ફહાદને પણ મળ્યા, જેમણે દેશના અમીર વતી પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. શેખ ફહાદે પણ શક્ય તમામ મદદની ખાતરી આપી છે.આ પહેલા એરફોર્સનું સુપર હર્ક્યુલસ એરક્રાફ્ટ ૪૫ મૃતદેહો લઈને કુવૈતથી રવાના થયું હતું. પહેલા આ પ્લેન કેરળના કોચીમાં લેન્ડ થયું, કારણ કે મોટાભાગના મૃતકો ત્યાંના હતા. આ પછી પ્લેન દિલ્હી આવ્યું હતું

કુવૈતના મંગાફ વિસ્તારમાં ગુરુવારે એક બિલ્ડિંગમાં ભીષણ આગ લાગી હતી. આ આગમાં ૪૯ લોકો દાઝી ગયા હતા, જેમાંથી ૪૫ ભારતીય મજૂરો હતા. અકસ્માતમાં ૪૯ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. આગની ઘટનામાં જીવ ગુમાવનારા ૪૫ ભારતીય મજૂરોના મૃતદેહ કેરળના એર્નાકુલમ શહેરમાં લાવવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ એનારકુલમમાં ૪૫ મજૂરોના મૃતદેહના આગમન પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે આ અમારું અંગત નુકસાન છે. આ ઘટનાથી મૃતકના પરિવારજનો સહિત કેરળના તમામ લોકો દુખી છે. તેણે એમ પણ કહ્યું કે ભારત તેની ભૂમિકા સારી રીતે નિભાવશે, કારણ કે અમને અકસ્માતના સમાચાર મળતા જ અમે પગલાં લેવાનું શરૂ કરી દીધું હતું. ભારત સરકાર યોગ્ય પગલાં લેશે અને પીડિત પરિવારોને યોગ્ય રાહત અને સહાય પૂરી પાડશે. ગુરુવારે થયેલા અકસ્માતના થોડા કલાકો બાદ ભારતના વિદેશ રાજ્ય મંત્રી કુવૈત પહોંચ્યા હતા. તેમણે મૃતદેહોને જલ્દી ભારત લાવવા માટે કુવૈત સત્તાવાળાઓ સાથે સંકલન કર્યું હતું. ઘટના બાદ ભારતના વિદેશ રાજ્ય મંત્રી ઘાયલ પીડિતોને મળ્યા હતા. તે અકસ્માત સ્થળે પણ ગયો હતો. તેમણે પીડિતો અને મૃતકોના પરિવારજનોને શક્ય તમામ મદદ કરવાની જાહેરાત કરી છે.યુપીના મૃતકોની ઓળખ વારાણસીના માધવ સિંહ, ગોરખપુરના જયરામ ગુપ્તા અને અંગદ ગુપ્તા તરીકે થઈ છે. તે જ સમયે, આંધ્રપ્રદેશના મૃતકોમાં શ્રીકાકુલમ જિલ્લાના ટી લોકાનંદમ, એમ સત્યનારાયણ અને પશ્ચિમ ગોદાવરી જિલ્લાના એમ એશ્વરુડુની ઓળખ કરવામાં આવી છે. આરબ ટાઈમ્સે કુવૈતના પ્રથમ નાયબ વડા પ્રધાન શેખ ફહદ અલ-યુસેફ અલ-યુસેફને ટાંકીને જણાવ્યું હતું કે અધિકારીઓએ અત્યાર સુધીમાં ૪૮ મૃતદેહોની ઓળખ કરી છે. કુવૈતના દક્ષિણી શહેર મંગાફમાં સાત માળની ઈમારતમાં થયેલા અકસ્માતમાં ૪૯ લોકોના મોત થયા હતા, જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

**રાજ્યના પશુપાલકો જોગ જાહેર ખબર**

પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વર્ષ: ૨૦૨૪-૨૫ માટે અમલી વિવિધ વ્યક્તિલક્ષી અને સંસ્થાલક્ષી સહાયકારી યોજનાઓનો લાભ લેવા માટે i-Khedut પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવી ફરજીયાત છે. ઓનલાઈન અરજી કરવા માટે તા.૧૫/૦૬/૨૦૨૪ થી તા.૧૫/૦૭/૨૦૨૪ દરમ્યાન પોર્ટલ ખુલ્લુ રહેશે. લાભ લેવા ઈચ્છતા તમામ પશુપાલકોએ i-khedut પોર્ટલની વેબસાઈટ https://ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જે તે યોજના અંતર્ગત રાજ્ય/ જિલ્લાના કુલ લક્ષ્યાંકના પ્રમાણમાં નિયત થયેલ સમયમર્યાદામાં ઓછી અરજીઓ પ્રાપ્ત થયેલ હશે તો તે યોજના/ યોજનાઓ પૂરતું પોર્ટલ અરજીઓ સ્વીકારવા માટે વધુ સમય માટે ચાલુ રાખવામાં આવશે. જે બાબત i-khedut પોર્ટલ પર પ્રદર્શિત કરવામાં આવશે. આ યોજનાઓમાં સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ દિવ્યાંગ પશુપાલક ઉમેદવારો લાભ લઇ શકશે. યોજનાઓ અંગે વધુ જાણકારી માટે નજીકની પશુસારવાર સંસ્થા/ કચેરીનો સંપર્ક કરવો. જેની રાજ્યના સર્વે પશુપાલકોએ નોંધ લેવી.

પશુપાલન નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## લઘુમતી મતોના કારણે ઉદ્ધવની પાર્ટી જીતી, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન ફડણવીસ

મુંબઈ,

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી ) ઉમેદવારોએ લઘુમતી, બિન-મરાઠી અને બિન-હિન્દી ભાષી લોકોના મતોના આધારે મુંબઈમાં ત્રણ લોકસભા બેઠકો જીતી છે. તાજેતરમાં પૂર્ણ થયેલી સામાન્ય ચૂંટણીઓમાં, શિવસેનાએ મહાનગરમાં છમાંથી ત્રણ બેઠકો જીતી હતી જ્યારે ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને કોંગ્રેસે એક-એક મતવિસ્તારમાં વિજય મેળવ્યો હતો.

ફડણવીસે તેમના ભાષણમાં કહ્યું હતું કે વિપક્ષની જીત મરાઠી ભાષીઓ અથવા સામાન્ય મુંબઈકરોના મતો અથવા ઉત્તર ભારતીય વસ્તીના મતને કારણે નથી જે પેઢીઓથી શહેરમાં રહે છે. ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું કે વિપક્ષ એવા લોકોના મતોથી જીતી ગયો જેમના ખાતર શિવસેના (યુબીટી) એ વધુ લોકપ્રિય 'હિંદુ હૃદય સમ્રાટ'ને બદલે બાળ ઠાકરે માટે 'જનાબ'નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું.ફડણવીસે દાવો કર્યો હતો કે છેલ્લા છ મહિનામાં ઉદ્ધવ ઠાકરેએ લઘુમતીઓનું સમર્થન મેળવવા માટે 'મારા હિંદુ ભાઈઓ અને બહેનો'થી ભાષણ શરૂ કરવાનું બંધ કરી દીધું હતું. પરંતુ તેમણે સ્વીકાર્યું કે લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન, વિપક્ષના 'ખોટા નિવેદન' કે ભાજપ બંધારણમાં ફેરફાર કરવા માંગે છે અને અનામતનો અંત લાવવા માંગે છે તેનાથી શાસક પક્ષને ભારે નુકસાન થયું છે.મહારાષ્ટ્રમાં ભાજપે ૪૮માંથી ૨૮ બેઠકો પર ચૂંટણી લડી હતી, પરંતુ માત્ર નવ જ જીતી શકી હતી, જ્યારે ૨૦૧૯માં તેણે ૨૩ બેઠકો જીતી હતી.

## નીટ કથિત પેપર લીકની સીબીઆઈ તપાસની માંગ, સુપ્રીમે નીટને નોટિસ પાઠવી જવાબ માંગ્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટમાં દ્નઈઈ્ પરીક્ષા કથિત પેપર લીક અને અનિયમિતતા સંબંધિત અરજીઓ પર સુનાવણી શુક્રવારે (૧૪ જૂન)હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે નીટ પરીક્ષાનું સંચાલન કરતી એજન્સી 'નેશનલ ટેસ્ટિંગ એજન્સી' (એનટીએ)ને નોટિસ જાહેર કરી છે અને ઝમૈં તપાસની માંગણી કરતી અરજી પર તેનો જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે એવા વિદ્યાર્થીઓને પણ નોટિસ પાઠવી છે જેમની અરજીઓ વિવિધ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે અને એનટીએ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર તેમનો જવાબ માંગ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જવાબ દાખલ થયા બાદ આ મામલે આગામી સુનાવણી ૮મી જુલાઈએ થશે. સુનાવણી દરમિયાન અરજીકર્તાના વકીલે કહ્યું કે.આ મામલો ૨૪ લાખ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલો છે. આવી સ્થિતિમાં કોર્ટે આ મામલે જલ્દી સુનાવણી કરવી જોઈએ. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે તેની ગંભીરતા સમજીએ છીએ. વકીલે વિદ્યાર્થીઓની આત્મહત્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ સાંભળીને કોર્ટે કહ્યું કે આવી ભાવનાત્મક દલીલો ન કરો, કાયદાની પ્રક્રિયાને અનુસરીને એનટીએનો જવાબ જોવો જરૂરી છે.

નોંધનિય છે કે, સુપ્રીમ કોર્ટ હવે નીટ પર અત્યાર સુધી દાખલ કરાયેલી તમામ અરજીઓની સુનાવણી ૮ જુલાઈએ કરશે. આ કેસની દૃષ્ટિએ ૮મી જુલાઈ સૌથી મહત્ત્વની તારીખ બની ગઈ છે. નીટ પરીક્ષાના કથિત પેપર લીકને લઈને દેશના ઘણા મોટા શહેરોમાં વિરોધ જોવા મળી રહ્યો છે. દિલ્હીના જંતર-મંતર ખાતે પેપર લીકના વિરોધમાં પ્રદર્શનકારીઓએ વિરોધ કર્યો હતો ત્યારે કોલકાતામાં વિકાસ ભવનની બહાર પણ દેખાવો જોવા મળ્યા હતા. વિદ્યાર્થીઓના એક જૂથે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કર્યું અને 'ચોવીસ લાખ વિદ્યાર્થીઓને પરીક્ષા જોઈએ છે, કૌભાંડો નહીં'ના સૂત્રોચ્ચાર કર્યા. વિદ્યાર્થીઓ કહે છે કે, અમે પરીક્ષા માટે ઘણી મહેનત કરી છે અને હવે અમને અમારી બેઠકો જોઈએ છે. નીટનું પરિણામ ૪ જૂને જાહેર થયું હતું.

કેન્દ્ર સરકારે નીટ યુજી પરીક્ષામાં પેપર લીક થવાના મુદ્દાને નકારી કાઢ્યો છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, અત્યાર સુધી નીટ પરીક્ષામાં કોઈ ગેરરીતિ, ભ્રષ્ટાચાર કે પેપર લીક થવાના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. આને લગતા તમામ તથ્યો સુપ્રીમ કોર્ટ સમક્ષ છે અને હાલમાં તે વિચારણા હેઠળ છે. ભ્રમ ફેલાવવાના પ્રયાસરૂપે આ મુદ્દે રાજકારણ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે વિદ્યાર્થીઓની માનસિક શાંતિને અસર થાય છે. શિક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે નીટ કાઉન્સેલિંગ શરૂ થવાનું છે. દરમિયાન પેપર લીકને રાજકીય મુદ્દો બનાવવો અયોગ્ય છે. આવું કરવું એ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત કરવા સમાન છે. સરકારનું ધ્યાન હંમેશા વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરવા પર રહ્યું છે.

## દેશમાં પૂરતા પ્રમાણમાં ઘઉંનો સ્ટોક: કેન્દ્ર સરકારનો દાવો

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી છે કે દેશ પાસે તેની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતા પ્રમાણમાં ઘઉં છે. ઘઉંની ઘટેલી સરકારી ખરીદીની ચિંતાને કારણે સવાલ ઉઠી રહ્યા હતા કે સામાન્ય લોકોની મુશ્કેલીઓ વધી શકે છે. કેન્દ્રએ કહ્યું કે જ્યારે પણ જરૂર પડશે ત્યારે કિંમતોને નિયંત્રણમાં રાખવા માટે પગલાં લેવામાં આવશે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે તે ઘઉંના બજાર ભાવ પર નજર રાખી રહ્યું છે. તેમણે કહ્યું કે સંગ્રહખોરી અટકાવવા માટે સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે.

મંત્રાલયે કહ્યું કે, '૨૦૨૪ની રવી માર્કેટિંગ સીઝનમાં ૧૧૨ મિલિયન ટન ઘઉંનું ઉત્પાદન થયું હતું. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ આ સિઝનમાં ૧૧ જૂન સુધી ૨.૬૬ કરોડ ટન ઘઉં ખરીદ્યા. જાહેર વિતરણ વ્યવસ્થા અને સરકારની અન્ય કલ્યાણકારી યોજનાઓની જરૂરિયાતો અંદાજે ૧.૮૪ કરોડ ટન જેટલી છે. આમ, વધારાના ઘઉંનો પૂરતો સ્ટોક છે અને જો જરૂર પડશે તો બજાર ભાવને નિયંત્રિત કરવા દરમિયાનગીરી કરવામાં આવશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, વેફર સ્ટોક માટેના નિયમો વર્ષના દરેક ત્રિમાસિક ગાળામાં બદલાતા રહે છે. બલ્ક સ્ટોકના નિયમો મુજબ ૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ૧.૩૮ કરોડ ટન ઘઉં સરકારી વેરહાઉસમાં હોવા જોઈએ. તે સમયે ૧.૬૩ કરોડ ટન ઘઉં ઉપલબ્ધ હતા.'ઘઉંનો સ્ટોક કોઈપણ સમયે ઘઉંના સ્ટોકની નિર્ધારિત મર્યાદાથી નીચે ગયો નથી.' નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "હાલમાં, ઘઉંની આયાત પર ડ્યુટી માળખામાં ફેરફાર કરવાનો કોઈ પ્રસ્તાવ નથી."

# વિરપુર પંચાયતમાં પ્રિ-મોન્સુનની કામગીરી બાદ પણ આદર્શ સ્કુલના રસ્તા ઉપર પાણી ભરાતા હાલાકી

વિરપુર, રાજયમાં ચોમાસની ઋતુ શરૂ થઈ ગઈ છે. ચોમાસની સીઝન શરૂ થતાંની સાથે જ તંત્રની પોલ ઉઘાડી પડી જતી હોય છે ત્યારે મહિસાગર જિલ્લાના વિરપુરમાં ગત વરસાદ પડ્યો હતો. પહેલા વરસાદમાં જ તંત્રની કામગીરીની પોલ ખુલ્લી પડી હતી. વિરપુરમાં વરસાદ પડતાં જ તાલુકાના લોકોએ ગરમીથી હાશકારો અનુભવ્યો હતો. પરંતુ સામાન્ય વરસાદના કારણ વિરપુરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા સામે આવી હતી. વિરપુર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં મધ્યરાત્રિએ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદ પડતાં વિરપુર ગ્રામ પંચાયતની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ ખુલી ગઈ હતી. સરાડીયા રોડ પર આવેલ આદર્શ સ્કુલ પાસે વરસાદી પાણીનો નિકાલ ન થતાં ગટરોના દુષિત અને દુર્ગંધ મારતા પાણી સાથે વરસાદી પાણી મુખ્ય રસ્તા પર ફરી વળ્યા હતા. જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.વિરપુર ગ્રામ પંચાયત દ્વારા થોડાક દિવસો પહેલા નાળા, રસ્તાઓની સફાઈ સહિતની પ્રિ-મોન્સુનની કામગીરી કરવામાં આવી હતી. છતાં સામાન્ય વરસાદમાં જ રસ્તાઓ ઉપર પાણી ભરાઈ જતાં ગ્રામ પંચાયતની પ્રિ-મોન્સુનની કામગીરી પર અનેક સવાલો ઉભા થયા છે.

# વિરપુરના સાલૈયા ગ્રામ પંચાયતમાં ૧૦ દિવસથી તલાટી ગેરહાજર રહેતા ગ્રામજનોને પરેશાની

વિરપુર, વિરપુર તાલુકાની સાલૈયા ગ્રામ પંચાયતના તલાટી છેલ્લા ૧૦ દિવસથી પંચાયતમાં હાજર ન રહેતા ગ્રામજનોને સરકારી કામો માટે હાલાકી વેઠવી પડી રહી છે. સાલૈયા ગ્રામ પંચાયતમાં પાંચ ગામોનો સમાવેશ થાય છે. હાલમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. ત્યારે જુથ પંચાયતમાં સમાવિષ્ટ તમામ ગામોના લોકો બાળકોના જાતિના તેમજ આવકના દાખલા કઢાવવા માટે સાલૈયા આવતા હોય છે. પરંતુ અહિં ફરજ બજાવતા તલાટી છેલ્લા ૧૦ દિવસથી ફરજ પર હાજર ન રહેતા પંચાયત કચેરીનુ તાળુ મારેલુ જોવા મળે છે. જેથી આસપાસના ગામોમાંથી આવતા લોકોને ધક્કો પડે છે. તલાટી અરજદારોનો ફોન પણ ઉપાડતા નહિ હોવાના આક્ષેપો કરાઈ રહ્યા છે. આ બાબતે તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે, તલાટી મેડિકલ રજા ઉપર હોય તેમના સ્થાને અન્યને ચાર્જ સોંપવામાં આવશે.

# મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના જીવાભાઈ પટેલ ૧૨ વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી અન્ય માટે બની રહ્યા છે પ્રેરણાસ્ત્રોત



મહિસાગર, આજના સમયે દરેક લોકો પોતાના સ્વાસ્થયની કાળજી રાખી રહ્યા છે ત્યારે સારા સ્વાસ્થય માટે સારો ખોરાક ખૂબ જરૂરી છે અને રાસાયણિક ખાતર થકી અનેક બિમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે દરેક લોકોએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજી દરેક લોકોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવું પડશે. પ્રાકૃતિક ખેતી સારા સ્વાસ્થય સાથે જમીનની ગુણવત્તા પણ સુધારે છે. મહીસાગર જિલ્લાના અનેક પ્રગતિશીલ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે ત્યારે જિલ્લાના દરેક ખેડૂતોએ હવે પ્રાકૃતિક ખેતી તરફ વળવું પડશે.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ભાણપુર ગામના જીવાભાઈ પટેલ જણાવે છે કે, છેલ્લા બે વર્ષથી હું પ્રાકૃતિક ખેતી કરું છું. હું મારા ૧૨ વીઘા જમીનમાં કોઈ પણ રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાના ઉપયોગ કરતો નથી. હું મારા ખેતરમાં ઘઉ,બાજરી,મગ,ડાંગરનું વાવેતર પ્રાકૃતિક રીતે કરું છું અને મે જ્યારથી પ્રાકૃતિક ખેતી કરું છું ત્યારથી મારા દરેક પાકમાં મને સારા પરિણામ મળી રહ્યા છે. બીજા લોકોના ખેતરમાં જે ઘઉ થાય છે તેના કરતાં મારા ખેતરમાં ઘઉ સારા થાય છે અને તેના ભાવ પણ બજારમાં સારા મળે છે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, બાળકોના સારા ભવિષ્ય માટે પ્રાકૃતિક ખેતી ખૂબ જરૂરી છે. જે રીતે રાસાયણિક ખાતરથી બિમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે તેને જોઈને એવું લાગી રહ્યું છે કે દરેક લોકોએ હવે પ્રાકૃતિક ખેતી તરફ વળવું પડશે. તેથી હું દરેક લોકોને અપીલ કરું છું કે દરેક ખેડૂતોએ હવે નવી પેઢીના સારા સ્વાસ્થય માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવું જોઈએ.

# બાલાસિનોર તાલુકાના લવ જેહાદ કેસમાં રાજપુરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત



બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના રાજપુર ગામે રહેતો અને ડ્રાઈવિંગ કરતો મુસ્લિમ યુવક દ્વારા હિન્દુ પરણિત યુવતીને ભગાડી જતાં રાજપુર ગામ સહિત સમગ્ર બાલાસિનોર તાલુકામાં અજંપા ભરી શાંતિ ફેલાઈ હતી. બાલાસિનોર તાલુકાના રાજપુર ગામની યુવતીને ઠાસરા તાલુકાના કાલસર ગામે પરણાવી હતી. જે હિન્દુ પરિણીતાને રાજપુર ગામનો જ યુવક ભગાડી જતાં સમગ્ર ગ્રામજનો રોષે ભરાયાં હતાં. લવ જેહાદના વિરોધમાં ગ્રામજનોએ રેલી કાઢી બાલાસિનોર પ્રાંત અધિકારી તેમજ પોલીસને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. અને જો કાર્યવાહી કરવામાં નહીં આવે તો લુણાવાડા એસપી કચેરીનો ઘેરાવો કરવાનું જણાવ્યું હતું.

બાલાસિનોર તાલુકાના રાજપુર ગામની યુવતીના ૨૯ એપ્રિલના રોજ ઠાસરા ના કાલસર ગામમાં લગ્ન થયા હતા. આ દરમિયાન રાજપુર ગામનો મુસ્લિમ યુવાન પરિણીતાને ભગાડી ગયો હોવાની લવ જેહાદની ઘટના બહાર આવી છે. લવ જેહાદ જેવો બનાવ બાલાસિનોરમાં અગાઉ એક વખત બની ચૂક્યો છે. આ બાદ ફરી એક વખત રાજપુર ગામની પરણિત હિન્દુ યુવતી લવ જેહાદનો શિકાર બની છે. ત્યારે ગામમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# લુણાવાડા જનરલ હોસ્પિટલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પના આયોજન સાથે વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી



લુણાવાડા, માનવ જિંદગી અમૂલ્ય છે જેને બચાવવા લોહી એક મહત્વનું તત્વ છે. લોહીની આકસ્મિક જરૂરિયાત કોઈપણ વ્યક્તિને ગમે ત્યારે પડી શકે છે અને તેથી જ આવા સંજોગોમાં લોકોની જરૂરિયાતને પહોંચી વળવા અને આકસ્મિક સંજોગોમાં તેઓને મદદરૂપ થવા વિશ્વ રકતદાતા દિવસની ૨૦ મી વર્ષગાંઠ ૧૪ જૂન નિમિત્તે અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ લુણાવાડા જનરલ હોસ્પિટલના નવીન બિલ્ડીંગ ખાતે યોજાયો હતો. મહીસાગર જિલ્લા કલેક્ટર નેહાકુમારીએ રકતદાન કરી રક્તદાન મહાદાનના સંદેશ સાથે શિબીરનો શુભારંભ કરાવ્યો. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૧ યુનિટ રકતદાન સાથે રક્તદાતાઓએ રક્તદાન મહાદાન મંત્ર સાર્થક કર્યો.

આ કેમ્પમાં જનરલ હોસ્પિટલના અધિક્ષક ભામિની પંડિત, જિલ્લા આરોગ્ય અધિકારી સી આર પટેલ સહિત જનરલ હોસ્પીટલ સ્ટાફ, મહીસાગર રેડ ક્રોસ સોસાયટી ટીમ અને સેવાભાવી રકતદાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસિનોર વિદ્યામંદિર સંચાલિત કોલેજના ઝળહળતા પરિણામો

બાલાસિનોર, બાલાસિનોર વિદ્યા મંડળ સંચાલિત સી.એન્ડ.એસ.એચ દેસાઈ આર્ટસ એન્ડ એલ.કે.એલ દોશી કોમર્સ કોલેજના નાટક અને અનુસ્નાતક કોલેજનાં ઉજવળ પરિણામો આવ્યા છે. આ અંગે બાલાસિનોર કોલેજના પ્રિન્સિપાલ ડો.ડી.પી માછીના જણાવ્યા અનુસાર ખૂબ જ ઊંચું પરિણામ આવ્યું છે. બાલાસિનોર વિદ્યામંદિર અને સમગ્ર સ્ટાફે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. કોલેજના પરિણામોમાં બીએ સેમેસ્ટર ૬ માં પાંચ વિદ્યાર્થીઓ, બીકોમ સેમેસ્ટર ૬ માં સાત વિદ્યાર્થીઓ, એમ એ સેમેસ્ટર-૪માં પાંચ વિદ્યાર્થીઓ, એમ કોમ સેમેસ્ટર-૪માં ૧૧ વિદ્યાર્થીઓ, એમ એસ ડબલ્યુ સેમેસ્ટર ૪ માં ૧૮ વિદ્યાર્થીઓ અને બીએસસી સેમેસ્ટર ૬ માં ૪ વિદ્યાર્થીઓ ફર્સ્ટ ક્લાસ વિથ ડિસ્ટ્રિક્શન રહ્યા હતા.

# બાલાસિનોરમાં શેખ ઘાંચી સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરાયું



બાલાસિનોર, બાલાસિનોર ખાતે શેખ ઘાંચી સમાજ ના ઉપક્રમે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં હજરત કલંદર બાવા હજરત રોહન બાવા,ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા,પૂર્વ ધારાસભ્ય ગયાસુદીન શેખ, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીઓ ઈકબાલ શેખ,એડવોકેટ નઈમ બેગ મિરઝા,મુરતુજાખાન પઠાણ અને મદય ગુજરાત સેવા સમાજના પ્રમુખ કરીમભાઈ મલેક, અજીમભાઈ પંજાબી,સમીર શેખ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને વિદ્યાર્થીઓના વાલીઓએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા પલાણા ખાતે પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરી શકાશે

ખેડા, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ખાતે પ્રવેશ સત્ર ઓગષ્ટ-૨૦૨૪ થી શરુ થનાર પ્રથમ રાઉન્ડના પ્રવેશ માટે તા.૦૧/૦૪/૨૦૨૪ થી ઓનલાઈન ફોર્મ ભરવાનુ શરૂ કરવામાં આવેલ છે. પ્રવેશ ફોર્મનું રજીસ્ટ્રેશન તેમજ સ્વીકારવાની પ્રકિયા કામગીરી ચાલુ હોઈ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ ઓનલાઈન પ્રવેશ ફોર્મ માટે ખેડા જીલ્લાની નજીકની ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. પ્રવેશ ફોર્મ ઓનલાઈન ભરવાની તથા રજીસ્ટેશન કરવાની છેલ્લી તારીખ ૩૦/૦૬/૨૦૨૪ રાખવામાં આવે છે એમ આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ, સંસ્થા પલાણાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# મહીસાગર પોલીસ અધિક્ષકે સાઈબર ક્રાઈમથી બચાવ માટે જનજાગ્રુતિ અર્થે પ્રેસ કોન્ફરન્સ સંબોધી



મહિસાગર, મહીસાગર પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાએ અલગ અલગ પ્રકારના સાઈબર ક્રાઈમથી બચાવ માટે જનજાગ્રુતિ અર્થે પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં પોલીસ અધિક્ષકે વર્તમાન સમયમાં સાયબર ફ્રોડથી બચવા જાગૃત રહેવું ખૂબ જરૂરી છે તેમ જણાવી સોશિયલ મીડિયાના માદયમ લોકોને ફસાવી આર્થિક શારીરિક અને માનસિક રીતે હેરાનગતિ કરવાના અનેક ગુના બની રહ્યા છે ત્યારે આ ગુનાથી રક્ષણ માટે કેવી તકેદારી રાખવી તેમજ પોલીસ મદદ મેળવવા અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

મહીસાગર જિલ્લામાં સાયબર ક્રાઈમથી ગુમાવેલા લોકોના દસ લાખ રૂપિયા પરત લાવવામાં સફળતા મળી છે જ્યારે ૬૪ લાખ રૂપિયા ફ્રિજ કરાવવામાં પણ સફળતા મળી છે જે હજુ પ્રક્રિયામાં છે. હાલ ફેક આઈડિન્ટિટી ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ ક્રેડિટ કાર્ડ ફ્રોડ, ઓનલાઈન શોપિંગ ફ્રોડ વિધાઉટ ઓટીપી ફ્રોડ, લોન એપ્લિકેશન ફ્રોડ,ફ્રોડ બાય લીંક, જોબ ફ્રોડ, સોશિયલ મીડિયા ફેક facebook ફ્રોડ, ટાસ્ક ફ્રોડ જેવા સાઈબર ફ્રોડના બનાવો સામે આવી રહ્યા છે ત્યારે લોકોને સાવચેતીપૂર્વક સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા તેમજ લોકોએ કોઈ પણ ગભરાટ વગર પોલીસનો સંપર્ક કરવા જણાવ્યુ હતું.વધુમાં તેમણે આગામી સમયમાં જિલ્લામાં સાઈબર ક્રાઈમથી રક્ષણ માટે લોકોમાં જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવશે તેમ પણ જણાવ્યુ હતું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડા તાલુકા સેવા સદનની આકસ્મિક મુલાકાત લીધી




ખેડા, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ શુક્રવારે સવારે આણંદ જિલ્લાના સારસા ગામની પોતાની મુલાકાત પૂર્ણ કરી ખેડા તાલુકા સેવાસદનની ઓચિંતી મુલાકાતે પહોંચ્યા હતા.કોઈ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ વિનાખેડા તાલુકા સેવાસદનની મુલાકાતે પહોંચેલા મુખ્યમંત્રીએ દફતર ચકાસણી કરી કચેરીના અધિકારીઓ તથા કર્મચારીઓની કામગીરીની સમીક્ષા કરી હતી.રાજયના તમામ નાગરિકોની સુખાકારી અને સલામતીની ચિંતા કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડા તાલુકા સેવા સદનની ઓચિંતી મુલાકાત લઈ કચેરી કામગીરીની ગ્રાઉન્ડ લેવલની સમીક્ષા કરી ઉત્તમ નેતૃત્વનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.કચેરી તથા અધિકારીઓની કામગીરીની સમીક્ષા બાદ મુખ્યમંત્રીએ જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવને જિલ્લાના નાગરિકોને ઉત્તમ સેવાઓ મળી રહે તે માટે જિલ્લા વ્યવસ્થાપન અંગેના જરૂરી માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.આ મુલાકાત દરમિયાન રાજ્યના ચીફ સેક્રેટરી રાજ કુમાર, મહેસૂલ અધિક મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ મુખ્યમંત્રી સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારાવસ્તી નિયંત્રણ, કુટુંબમાં જનજાગૃતિ કેળવવા ૪ તબક્કામાં કાર્યક્રમો યોજાશે.

મહિસાગર, ૧૧ જુલાઈ ના રોજ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ તાલુકા,જીલ્લા અને રાજ્ય કક્ષાએ જનજાગૃતિ અર્થે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે.મહીસાગર જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર જીલ્લામાં આવેલ તાલુકા (સોશ્યલ બિહેવિયર ચેન્જ કમ્યુનીકેશન) એસબીસીસી ટીમના સુપરવિઝન હેઠળ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એસબીસીસી ટીમના આયોજન અન્વયે વિકસિત ભારતની નવી પહેચાન કુટુંબ નિયોજન દરેક દંપતીની શાન સ્લોગના હેઠળ આ વર્ષે ચાર તબક્કામાં આ ઉજવણી કરવામાં આવશે. કુટુંબ નિયોજન માટે દંપતીઓ સાથે સંવાદ,વધતી જતી વસ્તીથી ઊભા થતા પ્રશ્નો અંગે જાણકારી, સ્વાસ્થ્ય અને સલામતીના હેતુથી લગ્ન તથા બાળક માટે નિયત કરેલી ઓછામાં ઓછી ઉંમર, બે બાળકો વચ્ચે જરૂરી સમયગાળો,નસબંધી તથા અન્ય આધુનિક કુટુંબ નિયોજન સેવાઓ વગેરે બાબતોની જાણકારી અપાશે. બાળ તથા માતા મૃત્યુ દર ઘટાડવા માટે જાગૃતિ કેળવવામાં આવશે.

૧ જૂનથી શરૂ થનાર પ્રથમ તબક્કા દરમ્યાન પ્રચાર પ્રસાર અંગેની સામગ્રી તૈયાર કરી અને વિતરણ, સ્વયંસેવકોની તાલીમ, આંતર- ક્ષેત્રિય કનવર્જન્સ,જાગૃતિ અને પ્રચાર કરવામાં આવશે. બીજા તબક્કામાં તા. ૨૭ જૂનથી ૧૦ જુલાઈ દરમ્યાન કુટુંબ નિયોજન મહત્વ વિશે જન જાગૃતિ લાવવા માટે સામુદાયિક બેઠકો, કાર્યશાળાઓ અને પરીસંવાદોનું, ઘરે-ઘરે મુલાકાતો, સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા જાગૃતિ અભિયાન, રેલી, રોડ શો, દરેક ગામમાં બેનર પોસ્ટર લગાવવા,ભીતસુત્રો અને હોર્ડીંગ્ઝ લગાવવા જેવા આયોજનો કરવામાં આવશે. ત્રીજા તબક્કામાં તા. ૧૧ થી ૨૪ જુલાઈ દરમ્યાન સેવાઓ પુરી પાડવા અંગેનું પખવાડિયું તરીકે ઉજવાશે. જેમાં ગર્ભનિરોધક કુટુંબ નિયોજન સેવાઓ પુરી પાડવા પર દયાન કેન્દ્રિત કરવામાં આવશે.

## આપની આજ.......

મેષ:તમારી આશાઓ પૂરી ના થાય તો તમે દુ:ખી થશો. અંગત સંબંધોની કેટલીક બાબતમાં વિવાદ ઊભા થઈ શકે છે. ખાસ કરીને આજે એક બાબત ધ્યાનમાં લેવી કે જ્યારે પણ તમને જીવનમાં જરૂર પડે ત્યારે તમને તમારા પરિવારના સભ્યોનો ઈચ્છિત ટેકો ક્યારેય નહીં મળે.

વૃષભ: આજે તમને ખુશીનો અનુભવ થશે. ઘરે અથવા કાર્યસ્થળમાં તમે વૈભવી વાતાવરણનો આનંદ માણશો. હાથમાં મોટી રકમ મેળવીને તમે સંતુષ્ટ થશો. સાંજે, તમે પરિવારના સભ્યો અને મિત્રો પ્રત્યે ઉદાર વલણ અપનાવશો.

મિથુન: આજે દરેક બાબતમાં અતિરેક ના કરો. જીવનના કડવા અનુભવોથી પાઠ શીખો. ભૂતકાળને ભૂલી જાઓ અને વર્તમાનમાં આગળ વધો. આજે તમારા કાર્યક્ષેત્રમાં અણધાર્યા પરિવર્તનની સંભાવના છે. તે તમારા માટે સારું થઈ શકે છે.

કર્ક: આજે સ્વાસ્થ્ય પ્રત્યે વધારે સાવચેતી રાખવાની જરૂર છે. આજે અનિયમિત આહાર પર નિયંત્રણ રાખો. ધ્યાનમાં રાખો કે અતિરેક નુકસાનકારક છે. વૃશ્ચિક રાશિવાળા વ્યક્તિ તમારી સમક્ષ આકર્ષક પ્રસ્તાવ આપશે.

સિંહ: આજે તમારા જીવનમાં કોઈ મહત્વપૂર્ણ પરિવર્તનની સંભાવના છે. કદાચ આને કારણે તમારે મુશ્કેલ સમયમાંથી પસાર થવું પડશે. પરંતુ યાદ રાખો, જ્યારે અંધકાર વધે છે ત્યારે સવાર નજીક છે.

કન્યા: આજે તમે કોઈ મહત્વનો પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહ્યા છો. તેને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં એક વર્ષનો લાંબો સમય લાગી શકે છે. આ દરમિયાન, તમારે અસ્વસ્થ થવાના બદલે તમારું કાર્ય પૂર્ણ કરવામાં ધીરજ રાખવી જોઈએ.

તુલા: આજે આરોગ્ય અને નાણાકીય સંસાધનો પર ધ્યાન આપવાની જરૂર છે. અન્ય લોકોના કામ માટે વધારે સમય અને શક્તિનો વ્યય ના કરો કારણકે આવા લોકો એક પછી એક મદદ માગતા રહે છે. તમારે સરળતાથી ના કહેવાનું પણ શીખવું જોઈએ નહીં તો લોકો તમારો લાભ લેતા રહેશે.

વૃશ્ચિક: ભાગ્ય આજે મહત્વની ભૂમિકા ભજવશે. જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિની દિશામાં આગળ વધશો. યોજનાઓ સંબંધિત પ્રસ્તાવની મંજૂરી મેળવ્યા પછી અને ચુકવણી પછી તમે વ્યવસાય કાર્યક્રમ આગળ વધારશો. તમે ભૂતકાળમાં શોધી રહ્યા હતા તે યોગ્ય વ્યક્તિ અને સારી તકો મેળવવાનું ચાલુ રાખશો.

ધન: આજે શારિરીક અને માનસિક રીતે પરેશાન હોવા છતાં પણ તમે જે પણ કાર્ય હિંમતથી કરશો તેમાં સફળતા મળશે. કામ અને પરિવારમાં મુશ્કેલીઓ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં તમે પરિસ્થિતિનું નિવારણ જોશો.

મકર: આજે અંગત સંબંધો પ્રેમાળ અને સહકારભર્યા રહેશે. સારું સ્વાસ્થ્ય હોવાને કારણે તમે વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેશો. તમારા સાથી સાથે મળીને તમે તમારા સંસાધનોને એકઠા કરી શકશો.

કુંભ: આજે તમને ત્રિકોણીય વ્યાપારિક ભાગીદારી અને સંબંધોથી લાભ થશે. પરંતુ વ્યક્તિગત સંબંધોના કિસ્સામાં ત્રિકોણાકાર સંબંધો તમારા જીવનમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. આ સિવાય આજે તમે જીવનમાં ત્રણ ભૂમિકા ભજવશો.

મીન: સહયોગીઓના સહયોગથી આજે તમે કોઈ મોટા પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં સફળ થઈ શકો છો. આ ઉપરાંત વરિષ્ઠ વ્યક્તિની દખલથી આજે લાંબા સમયથી ચાલતા પારિવારિક વિવાદનો ઉકેલ આવશે. તમારી રચનાત્મક ક્ષમતા વધશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ પાલિકાના કાઉન્સિલરોના રાજસ્થાન પ્રવાસમાં નાચગામના વીડિયોનુ એડિટીંગ કરી ભગવાનના ગીતના સ્થાને દારૂનુ ગીત વાયરલ કરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ નગરપાલિકાના કાઉન્સીલરો સહિત પાલિકાના પુર્વ પ્રમુખ સહિતના હોદ્દેદારો રાજસ્થાન ખાતે પ્રવાસે ગયાં હતાં અને જ્યાં ભગવાનના ગીત પર નાચગાન કરતાં હતાં ત્યારે કોઈકે તેનો વિડીયો ઉતારી સોશિયલ મીડીયામાં વાઈરલ કરી દેવામાં આવ્યો હતો ત્યારે આ વિડીયો સોશિયલ મીડીયામાં વાઈરલ થતાંની સાથે કોઈક ઈસમ દ્વારા આ વિડીયોને એડીટીંગ કરી ભગવાનના ગીતના સ્થાને દારૂના સંબંધિત કોઈને ઉમેરી સોશિયલ મીડીયામાં આ વિડીયો ભારે વાઈરલ થતાં દાહોદ નગરપાલિકાના પુર્વ પ્રમુખ રીનાબેન પંચાલ દ્વારા આ મામલે સાયબર ક્રાઈમ, દાહોદ ખાતે ફરિયાદ કરી હોવાનું જાણવા મળે છે.



દાહોદ નગરપાલિકાના કાઉન્સીલર તેમજ પાલિકાના પુર્વ પ્રમુખ રીનાબેન પંચાલ સહિત ભાજપના હોદ્દેદારો રાજસ્થાનના પ્રવાશે ઉનાળુ વેકેશન કરવા ગયાં હતાં. જ્યાં તમામ હોદ્દેદારો ભગવાનના ગીત પર નાચગાન કરતાં હતાં ત્યારે તે સમયે કોઈ વ્યક્તિ દ્વારા આ વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધો હતો. આ વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ થતાં કોઈ અજાણ્યા ઈસમ દ્વારા આ વિડીયોનું એડીટીંગ કરી તેમાં ભગવાનના ગીતના સ્થાને દારૂને લગતુ ગીત એડીટીંગ કરી સોશિયલ મીડીયામાં વાઈરલ કરી દેતાં જોતજોતામાં આ વિડીયો દાહોદ શહેર સહિત જિલ્લામાં લોકોના સોશિયલ મીડીયામાં ભારે વાઈરલ થઈ ગયો હતો. આ અંગેની જાણ પ્રવાસે ગયેલા ભાજપના હોદ્દેદારોને થતાં તેઓમાં સ્તબ્ધતા વ્યાપી જવા પામી હતી. ત્યારે આ મામલે દાહોદ નગરપાલિકાના પુર્વ પ્રમુખ રીનાબેન પંચાલ દ્વારા સાયબર ક્રાઈમ, દાહોદ ખાતે ફરિયાદ કરી છે જેમાં તેઓના જાણવા મળ્યાં અનુસાર, પોતે અને તેઓની સાથે પોતાના ભાજપના કેટલાંક હોદ્દેદારો રાજસ્થાનના પ્રવાસે ગયાં હતાં જેમાં મહિલાઓ, પુરૂષો અને અન્ય ભાઈઓ પણ સામેલ હતાં. જેમાં ગ્રૃપમાં રહી સાથે બધા મળીને નાચગાનનો આનંદ માણી રહ્યાં હતાં. જેનો વિડીયો કોઈ શખ્સ દ્વારા પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી વાઈરલ કરાયો હતો. ત્યાર બાદ આ વિડીયોમાં જે ગીત હતુ તેને એડીટ કરીને પોતાની છબી ખરડાય અને પોતાની શાખને નુકસાન પહોંચે તેવું ગીત ઉમેરી દેવામાં આવ્યું છે અને ત્યાર પછી તેને વાઈરલ કરી પોતાની જાહેર જીવનની સ્વચ્છ છબીને નુકસાન કરવાનું ગુનાઈત કૃત્ય કરેલ છે. ઉપરાંત પોતે ભારતીય જનતા પાર્ટીના સક્રિય અને સંનિષ્ઠ કાર્યકર અને નગર સેવક હોઈ તેમ છતાં પોતાને નગરપાલિકાના બળવાખોર સભ્યો દર્શાવી પોતાની રાજકીય છબીને નુકસાન પહોંચે અને પોતાનું રાજકીય ભવિષ્ય જોખમાય તેવુ કૃત્ય કરેલ છે. જેથી આ કૃત્ય કરનાર વિડીયો ઉતારી વાયરલ કરનાર અને એડીટ કરીને વાયરલ કરી પોતાને બદનામ કરવાનું સુનિયોજીત કાવતરા રચનાર સામે તાત્કાલિક ફરિયાદ નોંધી ધરપકડ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

# ઝાલોદના કલજીની સરસવાણી ગામે તળાવમાં ન્હાવા પડેલ બે પિતરાઈ ભાઈ-બહેનનુ ડુબી જવાથી મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કલજીની સરસવાણી ગામે એક તળાવમાં ન્હાવા પડેલા એક સાત વર્ષિય અને અન્ય એક ૧૨ વર્ષિય બે માસુમ પિતરાઈ ભાઈ-બહેન તળાવના ઉંડા પાણીમાં ડુબી જવાના કારણ બંન્ને બાળકોના મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાને પગલે સ્થળ પર દોડી ગયેલ પોલીસે બંન્ને બાળકોના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

ગત તા.૧૩મી જુનના રોજ ઝાલોદ તાલુકાના કલજીનીસરસવાણી ગામે મહુડી ફળિયામાં રહેતાં ભવ્યભાઈ સુરેશભાઈ વસૈયા (ઉ.વ.આશરે ૦૭ વર્ષ) અને શ્રૃતિબહેન હીંમતભાઈ વસૈયા (ઉ.વ. આશરે ૧૨ વર્ષ) આ બંન્ને પિતરાઈ ભાઈ-બહેન ગામમાં આવેલ બસ સ્ટેશનની પાછળ તળાવમાં સવારના અગીયારેક વાગ્યાના આસપાસ ન્હાવા ગયાં હતાં જ્યાં બંન્ને બાળકો ન્હાતા ન્હાતા તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક લોકોને થતાં સ્થાનીક લોકો સ્થળ પર દોડી ગયાં હતાં. ઘટનાની જાણ બાળકોના પરિવારજનોને થતાં તેઓ પણ સ્થળ પર દોડી ગયાં હતાં. સ્થાનીક તરવૈયાઓની મદદથી બંન્ને બાળકોના મૃતદેહને તળાવના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં. બંન્ને બાળકોના મોતને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. બનાવને પગલે ગામમાં સ્તબ્ધતા વ્યાપી જવા પામી હતી. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે બંન્ને બાળકોના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.આ સંબંધે સુભાષભાઈ કશનાભાઈ વસૈયાએ ઝાલોદ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાના બાળકોનું સ્પોર્ટ્સ સ્કૂલ દેવગઢ બારીઆમાં સિલેક્શન




દે.બારીઆ,

પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં ધોરણ ૩ માં અભ્યાસ કરતા બે બાળકોનો ખેલમહાકુંભ-૨૦૨૪ ની Athletics અને સ્પોર્ટ્સ સંકુલ માટે વડોદરા ખાતે યોજાયેલ કસોટી માં શ્રેષ્ઠ દેખાવ કરતા૧) કાંજરવેટ રબિકાબેન અને ૨) કાંજરવેટ ધર્મેશનું આગળના અભ્યાસ માટે સ્પોર્ટસ સંકુલ દેવગઢબારિયા ખાતે સિલેક્શન કરવામાં આવ્યું. આ બાળકોને અને તેમને ઉત્સાહપૂર્વક તૈયાર કરનાર વર્ગ શિક્ષકશ્રી પટેલ કેતનભાઈને શાળા પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.

# દે.બારીઆના જુનીબેડી કોર્ટમાંથી કેસ પરત ખેંચવા પિતા-પુત્રોએ વૃદ્ધનો હાથ તોડ્યો

દે.બારીઆ

જુનીબેડી ગામમાં જમીન અંગે કરેલો કોર્ટનો કેસ પાછો ખેંચાવવા માટે ભેગા થયેલા પિતા-પુત્રોએ ફળિયામાં રહેતા વૃદ્ધને તું અહિ આંબા કેમ કાપે છે કહીને પથ્થરો ઝીંકીને તેનો હાથ ભાંગી નાંખ્યો હતો.

જુનીબેડીના મનજીભા નાયક અને પુત્રો ૬૫ વર્ષિય તુળજીભાઈ પુનાભાઈ રાઠવાના ઘરે જઈને તુ આંબો કેમ કાપે છે તને અહિં રહેવા દેવાનો નથી અને આ જમીન પણ તને આપવાની નથી. તુ અહિંયાથી જતો રહે કહીને ગાળાગાળી કરી હતી. આ સાથે સુરતે છુટ્ટો પથ્થર મારીને તુળજીભાઈનો એક હાથ ભાંગી નાંખ્યો હતો. આ સાથે ગદડાપાટુનો માર પણ માર્યો હતો. તે કોર્ટમાં જમીનનો જે કેસ દાખલ કર્યો છે તે પાછો ખેંચી લેજે અને આજે તો તુ બચી ગયો છે પરંતુ હવે પછી અહિંયા દેખાયો તો તારા હાથ-પગ ભાંગી નાંખીશુ કહીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે તુળજીભાઈની ફરિયાદના આધારે સાગટાળા પોલીસે ત્રણેય પિતા-પુત્રો સામે ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરી હતી.

# ઓસ્ટ્રિયાના જીવ વિજ્ઞાની અને ભૌતિક શાસ્ત્રી કાર્લ લેન્ડસ્ટાઇનરની યાદમાં આ દિવસને વિશ્વ રક્તદાન દિવસ તરીકે મનાવાય છે

દાહોદ,

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(W H O) દ્વારા તા.૧૪ જૂનને વિશ્વ રક્તદાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ સંગઠને વર્ષ ૧૯૯૭ માં એ લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું કે વિશ્વના પ્રમુખ ૧૨૪ દેશો પોતાને ત્યાં સ્વૈચ્છિક રક્તદાનને પ્રોત્સાહન આપે. આ વિચારનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે કોઈપણ વ્યક્તિને લોહીની જરૂર પડતા તેના માટે તેણે પૈસા ચૂકવવાની જરૂર ન પડે.

રક્તનું ગ્રુપ નક્કી કરતી શોધના પ્રણેતા અને નોબલ પારિતોષિક વિજેતા કાર્લ લેન્ડસ્ટાઈનર નામના જાણીતા ઓસ્ટ્રિયન જીવવિજ્ઞાની અને ભૌતિકશાસ્ત્રીની યાદમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન તેમના જન્મદિનના અવસરે રક્તદાનને પ્રોત્સાહન આપવા માટે ૧૪ જૂનને વિશ્વ રક્તદાતા દિવસ તરીકે મનાવવામાં આવે છે.

ચાલો મિત્રો, આપણે જાણીએ કાર્લ લેન્ડસ્ટાઈનર વિશે. કાર્લ લેન્ડસ્ટેઈનર (Karl Landsteiner) વિશ્વભરમાં જાણીતા વૈજ્ઞાનિક હતા. તેઓ જીવશાસ્ત્રના તજજ્ઞ હતા. તેમનો જન્મ જૂન ૧૪, ૧૮૬૮ના રોજ ઓસ્ટ્રિયા નામના દેશમાં થયો હતો.તેઓ એ.બી.ઓ. રક્તસમુહ પ્રણાલી (ABO blood group system)ના શોધક હતા, જેના માટે તેમને ઈ. સ. ૧૯૩૦ના વર્ષમાં નોબેલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું અને એમનો જન્મ દિવસ (૧૪મી જૂન, ૧૮૬૮) હોવાથી તેમની યાદમાં વિશ્વ રક્તદાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ દિન મનાવી વિશ્વ આરોગ્ય સંસ્થાએ પહેલ કરી વિશ્વને રક્તદાનનું મહત્વ સમજાવવા પ્રયાસ કર્યો છે. તેમણે આપણા શરીરમાં અત્યંત મહત્વ ધરાવતા લોહીમાં અગત્યનાં સંશોધનો કર્યાં હતાં. આ પૈકી એક શોધ આર. એચ. ફેક્ટરની કરી હતી. એમણે એ, બી અને ઓ, એમ ત્રણ જુથમાં માનવરક્તને વહેંચ્યું હતું. આ સાથે એમણે વધુ સંશોધન કરી સમાન રક્ત જૂથ ધરાવતા વ્યક્તિને એકબીજાનું લોહી ચડાવવાથી નુકશાન નથી થતુ, પણ અલગ અલગ રક્ત જૂથ ધરાવતી વ્યક્તિઓને એકબીજાનું લોહી ચડાવવામાં આવે તો અત્યંત ગંભીર મુશ્કેલીઓ થાય છે એ પણ શોધી કાઢ્યું હતું. આ ઉપરાંત પોપર નામના વૈજ્ઞાનિક સાથે મળી (ઈ. સ. ૧૯૦૯) પોલિયો વાયરસની શોધ કરવામાં પણ મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમના ઔષધીય સંશોધનો બદલ તેઓને ઈ. સ. ૧૯૪૬ માં લાસ્કર પારિતોષિક (Lasker award) પણ એનાયત કરવામાં આવ્યો હતો.જેથી કરીને દર વર્ષે ૧૪ મી જુનના દિવસને વિશ્વ રક્તદાતા દિવસ ( વિશ્વ રક્તદાન દિવસ ) ઉજવવામાં આવે છે. આ દિવસે સમગ્ર દુનિયાના લોકો ABO (એબીઓ) લોહીસમૂહના સંશોધક નોબેલ પારિતોષિક વિજેતા લેંડસ્ટીનરને શ્રદ્ધાંજલિ આપવા માટે વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરે છે.આ દિવસે રક્તદાનની જરૂરિયાત બાબતે જાગૃતતા લાવવા માટે મનાવવામાં આવે છે.બ્લડ બેંકોમાં જરૂરિયાતના સમયે પુરતું લોહી મેળવવા માટે એક પડકાર ઉભો થાય છે.ડબલ્યુંએચઓના જણાવ્યાં અનુસાર રાષ્ટ્રની ૧ % ટકા વસ્તી મળીને રક્તદાન કરે તો પણ આ જરૂરિયાતને પૂરી શકાય છે. સુરક્ષિત લોહી કોઈ એક વ્યક્તિને સારી રીતે જીવન જીવવા માટે તેના સ્વાસ્થ્યને સુધારી શકે છે. જેઓની ઉંમર ૧૮ થી ૬૫ વર્ષ વચ્ચે છે તેઓ અમુક આરોગ્ય સ્થિતિઓને બાદ કરતાં બધા લોકો રક્તદાન કરી શકે છે.

# ગોવિંદ નગરમાંથી ચોરાયેલી ફોર વ્હિલ ગાડીનો ભેદ ઉકેલાયો : દાહોદ શહેરમાં ફોરવીલર ગાડીની ચોરી કરનાર બે યુવકો ઝડપાયા, એક વોન્ટેડ

દાહોદ,

દાહોદ શહેરના ગોવિંદ નગર વિસ્તારમાં આવેલી શ્રીનગર સોસાયટી માંથી થોડા દિવસ અગાઉ કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ગાડીની ચોરી કરીને લઈ ગયું હતું આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી હતી. જે બાદ દાહોદ એ ડિવિઝન પોલીસે નેત્રમ કેમેરાના મદદથી ફોરવીલર ગાડી ની ચોરીને અંજામ આપનાર દાહોદના બે યુવકોને ચોરાયેલી ફોરવીલર ગાડી સાથે ઝડપી જેલભેગા કર્યા છે જ્યારે ફોરવીલર ગાડીની ચોરીના પ્રકરણમાં અન્ય એક દાહોદનો યુવક વોન્ટેડ હોવાનું પોલીસ વોન્ટેડ હોવાનું પોલીસના આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળે છે.

દાહોદ શહેરના ગોવિંદ નગર વિસ્તારમાં આવેલી શ્રીનગર સોસાયટીમાં તારીખ ૮.૬.૨૦૨૪ ના રોજ -૨૦-દ્ર-૮૧૨૩ નંબરની ફોરવિલર ગાડી કોઈ અજાણ્યા તસ્કરોએ ચોરીને લઈ જતા આ મામલે એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જોકે આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી હતી. ઉપરોક્ત બનાવમાં દાહોદ એ ડિવિઝન પોલીસે શહેરમાં લાગેલા નેત્રમ કેમેરાની મદદથી તપાસ હાથ ધરતા બે યુવકો ગાડીને અંજામ આપી લઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસે આ મામલે ઘનિષ્ઠ તપાસ હાથ ધરી બાતમી ના આધારે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે કાળીતળાઈ ખાતે વોચ ગોઠવી વગર નંબરની ક્રેટા ગાડીને ઝડપી ગાડીમાં સવાર દેવાભાઈ હલકેશભાઈ શર્મા (રહેવાસી અંબિકાનગર મૂળ રહેવાસી સિધેશ્વરી સોસાયટી ,ગોધરા રોડ) તેમજ સ્વયં વિપુલ પટેલ (રહેવાસી શીતલ સોસાયટી ગોવિંદ નગરનાઓ)ને ઝડપી ગાડીની તલાસી લેતા નંબર પ્લેટ મળી આવી હતી. ત્યારબાદ ઉપરોક્ત બંને પકડાયેલા ઈસમોને ઝડપી તલસ્પર્શી તપાસ હાથ ધરતા ઉપરોક્ત બંને યુવકોએ તેના અન્ય એક સાગરિત વિશાલ રહેવાસી ગોધરા રોડ સાથે મળી શહેરના ગોવિંદ નગર વિસ્તારમાંથી ફોરવીલર ગાડીની ઉઠાંતરી હોવાની કબુલાત કરી હતી.

# ઝાલોદ પોલીસ સ્ટેશનમાં બકરી ઈદના તહેવારને અનુલક્ષી શાંતિ સમિતિની બેઠક યોજાઈ



ઝાલોદ,

ઝાલોદ નગરના પી.એસ.આઈ એમ.એમ.માળી અને સે.પી.એસ.આઈ સીસોદીયાની આગેવાની હેઠળ આગામી તારીખ ૧૭-૦૬-૨૦૨૪ સોમવારના રોજ આવનાર બકરી ઈદના તહેવારને અનુલક્ષીને પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આવનાર તહેવારને અનુલક્ષીને નગરમાં શાંતિ તેમજ સામાજિક સમરસતા જળવાઈ રહે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખવી તેમજ કોઈ પણ ગેરસમજ ફેલાવે તેવી અફવાઓ પર ધ્યાન ન આપવું તેમજ કોઈ પણ કાયદાકીય ગૂંચ કે સમસ્યા ઉત્પન્ન થાય ત્યારે તૈયારીમાં પોલીસનો સંપર્ક કરવો અને નગરમાં સંપૂર્ણ શાંતિ તેમજ હર્ષોલ્લાસ સાથે તહેવારની ઉજવણી કરો તેવી શુભેચ્છા પણ પાઠવવામાં આવી હતી.

# ઝાલોદ નગરના રાહગીરો રોડ પર ઉડતી ધૂળ થી હેરાન : રોડના ડિવાઈડર પર જામેલી ધૂળો સાફ કરવા માંગ કરાઈ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં આવેલ બસ સ્ટેશન થી દાહોદ રોડ, બસ સ્ટેશનથી બાંસવાડા, હુંઠી રોડ થી હનુમાનજી મંદિર જતા રોડ પર ડિવાઈડર વાળો રોડ આવેલ છે. આ ડિવાઈડર રોડની બન્ને બાજુ ધૂળોનો કચરો મોટા પ્રમાણમાં જોવા મળે છે. અહીંથી નીકળતા



વાહનો કે રાહગીરોને આ ઉડતી ધુળોનો સામનો કરવો પડે છે. આ ધૂળની ઉડતા આવતા જતા રાહગીરોના આંખોમાં આવે છે તેથી અજાણ્યે ધૂળ ઉડીને આવતા અકસ્માતનો ભય પણ રહે છે. હાલમાં નગરમાં સુસવાટા મારતો પવન ફૂંકાય છે જેથી આ ઉડતી ધૂળો નગરજનોને વધુ હેરાન કરે છે વળી જો કોઈ વાવાઝોડું કે પવન ફૂંકાય તો રોડ પરની ધૂળો નગરજનોની દુકાનોમા પણ ભરાય છે. આ ઉડતી ધૂળો થી હેરાન નગરજનો તાત્કાલિક ડિવાઈડરની બંને બાજુ જામી ગયેલ ધૂળ સાફ કરવા માંગ કરી રહેલ છે.

# દાહોદના વાંદરીયા ગામે રહેતી ૪૨ વર્ષિય પરણિતાએ સાસરીયાઓના ત્રાસથી પોલીસ મથકે ન્યાયની માંગણી સાથે ફરિયાદ

ગરબાડા,

હાલ પોતાના પિયરમાં ગરબાડા તાલુકાના ભીલવા ગામે હોળી ફળિયામાં રહેતાં ૪૨ વર્ષિય ભારતીબેન નરસુભાઈ ગણાવાના લગ્ન તારીખ ૨૬.૦૪.૨૦૨૧ના રોજ દાહોદ તાલુકાના વાંદરીયા ગામે નિશાળ ફળિયામાં રહેતાં સુનીલભાઈ ધનસુખભાઈ ઓહનીયા સાથે સમાજના રિતી રિવાજ મુજબ થયાં હતાં. પરણિતા ભારતીબેનને તેના પતિ તથા સાસરીપક્ષના ધનસુખભાઈ ચીમનભાઈ ઓહનીયા અને વરદીબેન ધનસુખભાઈ ઓહનીયા દ્વારા પાંચ માસ જેવુ સારૂ રાખ્યાં બાદ તેઓનું પોત પ્રકાશ્યું હતું અને પરણિતા ભારતીબેનને અવાર નવાર મેણા ટોણા મારી, ઝઘડો તકરાર કરી, બેફામ ગાળો બોલી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં હતાં. પરણિતા ભારતીબેન સાથે મારઝુડ કરી છુટાછેડા આપી દેવાની ધમકીઓ પણ આપતાં હતાં. આવા અમાનુસી ત્રાસથી વાજ આવેલ પરણિતા ભારતીબેન નરસુભાઈ ગણાવાએ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં નવા સત્રનુ શૈક્ષણિક કાર્ય શરૂ થતાં શાળાઓમાં કલરવ જોવા મળ્યો

દાહોદ,

નવા્ શૈક્ષણિક સત્રને લઈને પ્રથમ દિવસે દાહોદ શહેર સહિત જિલ્લાની શાળાઓમાં બાળકોનો કલરવ જોવા મળ્યો હતો ત્યારે બીજી તરફ અત્યાર સુધી ગરમીનો પ્રકોપ ચાલુ છે તેવા સમયે શૈક્ષણિક કાર્ય શરૂ થતાં શાળાઓમાં બાળકોની પાંખી હાજરી જોવા મળી હતી પરંતુ સરકારના નિયમો પ્રમાણે જેમ બાળકોને ઘરેથી શાળાએ તેમજ શાળાએથી ઘરે લઈ જવા માટે ખાનગી રીક્ષા ચાલકો તેમજ સ્કુલ બસોમાં મર્યાદિત સંખ્યામા બાળકોને બેસાડવાના નિયમોને દાહોદ જિલ્લાના ખાનગી વાહનો તેમજ સ્કુલ બસ સરકારના નિયમોને ઘોળીને પી જતાં જોવા મળી રહ્યાં છે. ખાનગી વાહન ચાલકો તેમજ સ્કુલ બસ સામે દાહોદ જિલ્લા પોલીસ, ટ્રાફિક પોલીસ તેમજ સંલગ્ન તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવે તો ભુતકાળમાં મોટી દુર્ઘટના ટળે તેમ છે.

દાહોદ શહેર સહિત જિલ્લામાં ઉનાળુ વેકેશન પુર્ણ થતાં ગતરોજથી શૈક્ષણિક કાર્ય શરૂ થતાં શાળાઓમાં બાળકોનો કલરવ સાંભળવા મળ્યો હતો. તો બીજી તરફ હાલ પણ ગરમીનો પ્રકોપ ચાલુ હોવાને કારણે શાળાઓમાં બાળકોની પાંખી હાજરી જોવા મળી રહી છે. વાલીઓ પોતાના બાળકોને ગરમીના કારણે અત્યાર મોકલવાનું ટાળી રહ્યાં છે ત્યારે ગરમીની ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા વેકેશન લંબાવવાની માંગણી ફણ વાલીઓ કરી રહ્યાં છે. ત્યારે બીજી તરફ ટ્રાફિકના નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરીને ખુબ જ જોખમકારક રીતે બાળકોને શાળાએ મુકવા જતા સ્કૂલ વાહન ચાલકો સામે દાહોદ જિલ્લા પોલીસે કડકપણે કાર્યવાહી કરવી હિતાવહ્ છે. સરકારી નિયમોનો ભંગ કરતા સ્કુલ વાહનોને પોલિસ તંત્રે ડિટેઈન કરવામાં આવે તે જરૂરી છે. જ્યારે કેટલાક વાહનોને સ્થળ પર જ દંડ પણ કર્યો છે. દાહોદ સહીત સમગ્ર જિલ્લામાં સ્કૂલ વાહનોની બોલબાલા છે. ઘણા સ્કૂલના સંચાલકો પણ દૂરથી સ્કૂલના બાળકોને લાવવા લઈ જવા માટે પોતાના વાહનોનો ઉપયોગ કરતા હોય છે. તો વળી ઘણા લોકો પોતાના વાહનો સ્કૂલના બાળકો માટે ઉપયોગમાં લેતા હોય છે. પરંતુ આવા વાહન ચાલકો પ્રથમ દિવસે જ ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા હોવાનું ઠેકઠેકાણે જોવા મળેલ છે. સ્કૂલ વાહનના નામે ઉપયોગમાં લેવાતાં વાહનો જેવાકે રીક્ષા, પીયાગો, ઈકો ગાડી, મારુતિ વાન સહિતના મોટાભાગના વાહનોમાં પેસેન્જરની ક્ષમતા કરતા વધુ બાળકોને બેસાડવામાં આવે છે. જેના કારણે નાના નાના બાળકોને પોતાના અભ્યાસ માટે જોખમકારક મુસાફરી કરવી પડે છે. વાહનચાલકો ઘેટા બકરાની જેમ રીક્ષા કે વાનમાં બેસાડીને બાળકોને સ્કૂલમાં મુકવા અને પરત લાવવા લઈ જાય છે. આવા બાળકોની સલામતી માટે દાહોદ જિલ્લા પોલીસે શાળા શરૂ થતાની સાથે જ જિલ્લામાં ઠેકઠેકાણે વાહન ચેકિંગ હાથ ધરવામાં આવે તે રૂરી છે અને સ્કૂલ વાહનમાં ક્ષમતા કરતા વધુ બાળકોને બેસાડનાર તથા પ્રાઈવેટ વાહનો હોવા છતાં નિયમનો ભંગ કરી સ્કૂલમાં વાન ફેરવતા વાહન ચાલકોના સ્કૂલ વાહનો ટ્રાફિકના નિયમનો ભંગ કર્યો હોય તેને ડીટેઈન કરવામાં આવે તેવી લાગણી અને માંગણી વાલીઓમાં ઉઠવા પામી છે. દાહોદ જિલ્લામાં સ્કૂલ વાનમાં ફરતા વાહનોમાં ઘણા વાહનો પ્રાઈવેટ પાર્સિંગના વાહનો છે. નિયમ એવો છે કે જે વાહનો ટેક્સી પાર્સિંગમાં નોંધાયા હોય તેવા વાહનોને જ સ્કૂલવાનમાં ફેરવી શકાય છે. આમ છતાં આવા વાહનો જોવા મળે છે. પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ કરીને આવા વાહન ચાલકો સામે ખુબ કડકપણે કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પણ વાલીઓમાં ઉઠવા પામી છે. બીજી તરફ દાહોદ શહેર સહિત જિલ્લાની શાળાઓના સંચાલકો દ્વારા પોતાની શાળાના વાહનોમાં પણ બાળકોને ઘેંટા બકરાની જેમ ભરી પસાર થતાં હોય છે ત્યારે શાળા સંચાલકો દ્વારા પણ બાળકોના હિતને ધ્યાનમાં રાખી સરકારના નિયમો પ્રમાણે પોતાના સ્કુલ વાહનોમાં બાળકોને બેસાડવામાં આવે તે જરૂરી છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા દાહોદ જિલ્લા પોલીસ દ્વારા આ મામલે ધ્યાને આપે તે અત્યંત આવશ્યક છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.250


પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગુજરાત મુખ્યમંત્રી દ્વારા સરકારી કચેરીમાં વ્યસન ન કરવા સુચન બાદ ગોધરાની બહુમાળી બિલ્ડિંગમાં તપાસ કરતા અનેક કર્મચારીઓ વ્યસન કરતા નજરે પડ્યા

ગોધરા,

ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા સરકારી કચેરીની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. અને કહેવામાં આવ્યુ કે,સરકારી કચેરીમાં ફરજ દરમિયાન વ્યસન ન કરવુ જોઈએ તેવી ટકોર બાદ પંચમહાલ ગોધરા બહુમાળી બિલ્ડિંગના સમાજ સુરક્ષા કચેરીમાં તપાસ કરતા કર્મચારીઓમાં મસાલો નાંખીને બેઠા હતા તેમને સજાગ કરવામાં આવતા ખુરશી ઉપરથી ઉભા થઈને પાણી લઈને બહાર નીકળી ગયા હતા. પોતાની ભુલ સ્વિકારી હતી.

ગોધરા બહુમાળી બિલ્ડિંગમાં વધુ એક યુવા વિકાસ કચેરીના અધિકારી પારગી તેમના ટેબલ પર બેઠા હતા તેમને મુખ્યમંત્રીની સુચના અંગે પુછતા હું સોપારી ખાઉં છુ હવે પછી નહિ ખાઈએ તેમ કહ્યુ, નારી અદાલત કચેરીમાં બેઠેલા કેટલાક કર્મચારીઓ પડીકી



ખાતા હતા પુછવામાં આવતા કર્મચારી બહાર નીકળી ગયા હતા. ગોધરા મામલતદાર કચેરીના ઈ.ધરા કર્મચારીને મુખ્યમંત્રીએ કચેરીમાં વ્યસન ન કરવા માટે સુચન કરાયુ છે. ત્યારે કર્મચારીના હાથમાં પડીકી હતી. તેમ છતાં વ્યસન ન કરવાનુ બોર્ડ માર્યુ છે તેમ જણાવ્યુ હતુ. અને હાથમાં રાખેલ પડીકી અન્ય વ્યકિતના ખિસ્સામાં મુકી દીધી હતી. ત્યારે હવે જોવુ રહ્યુ કે,રાજયના મુખ્યમંત્રીની સરકારી કચેરીઓમાં કર્મચારીઓને વ્યસન નહિ કરવાનુ સુચનાની અમલવારી કરશે ખરી.

# ગોધરા કનેલાવ તળાવ ખાતે ચોમાસાની સીઝનમાં પુર-વાવાઝોડુ જેવી આપત્તિજનક બનાવને લઈ ડુબતા માણસને બચાવવાની મોકડ્રીલ યોજી

ગોધરા,

ચોમાસાની સીઝન વરસાદમાં પુર-વાવાઝોડા જેવી આપત્તિજનક બનાવોને પહોંચી વળવા માટે ગોધરા ફાયર વિભાગ, ડિઝાસ્ટર કંટ્રોલરૂમની અને ગોધરા મામલતદાર, ગોધરા ગ્રામ્ય મામલતદાર, ચીફ ઓફિસર, ટી.ડી.ઓ.ની હાજરીમાં ગોધરાના કનેલાવ તળાવ ખાતે તળાવમાં માણસ ડુબતો હોય તેને કેવી રીતે બચાવી શકાય તે માટેનુ મોકડ્રીલ યોજવામાં આવ્યુ હતુ.



ગોધરા કનેલાવ તળાવ ખાતે ચોમાસાની સીઝનમાં વરસાદને લઈ સર્જનાર પુર-વાવાઝોડુ જેવા આપત્તિજનક બનાવોમાં માણસ જીવનને બચાવવાના ભાગરૂપે મોકડ્રીલનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ત્રણ પ્રકારે ડુબતો માણસને બેવી રીતે બચાવી શકાય તે માટે ગોધરા ફાયર વિભાગ દ્વારા નવીન આવેલ રોબર્ટ મશીન દ્વારા ડુબતા માણસને ગણતરીના સમયમાં બચાવી શકાય છે. સાથે રીંગલોય તેમજ બોટ દ્વારા ડુબતા માણસને બચાવવા માટે મોકડ્રીલ યોજ્યુ હતુ.કનેલાવ ખાતે યોજવામાં આવેલ મોકડ્રીલમાં ગોધરા ફાયરબ્રિગેડના જવાનોએ દિલ ધડક રેસ્કયુ કરીને ત્રણ પ્રકારે ડુબતા માણસને બચાવવાની કામગીરી કરી હતી. મોકડ્રીલ ગોધરા મામલતદાર, ગ્રામ્ય મામલતદાર, ટીડીઓ, ફાયર વિભાગ, ડિઝાસ્ટર વિભાગ દ્વારા ચોમાસની સીઝનમાં આકસ્મિક રીતે ઉભી થનાર આપદાને પહોંચી વળવા માટે મોકડ્રીલ યોજવામાં આવ્યુ હતુ.

# શહેરાના કાકરી ગામની દેવકૃપા સોસાયટીમાં રસ્તા સહિતની સુવિધા નગરપાલિકા પુરી પાડે તેવી રહિશોની માંગ

શહેરા,

શહેરાના કાંકરી ગામની દેવ કૃપા સોસાયટીમાં રસ્તા સહિતની અનેક સુવિધા નગર પાલિકા દ્વારા આપવામાં આવે તેવી માંગ અહીંના રહીશો કરી રહ્યા હતા. પાલીકા દ્વારા સોસાયટી ના રસ્તાની કામગીરી એક વર્ષ પહેલા શરૂ કર્યા બાદ અચાનક બંધ કરી દેવામાં આવતા અહીં ના રહીશોને અવરજવર કરવામાં ભારે તકલીફ પડી રહી છે. જોકે અહીંના રહીશો પાલિકામાં વેરો પણ ભરતા હોવા છતાં રસ્તા સહિતની સમસ્યા બાબતે જાગૃત રહીશોએ ધારાસભ્ય સુધી રજુઆત કરવામાં આવી હતી.



શહેરા નગરપાલિકાના વોર્ડ નંબર-ચારમાં કાંકરી ગામની દેવ કૃપા સોસાયટીમાં રહેતા અનેક પરિવારો રસ્તા સહિતની અનેક સમસ્યાઓથી હેરાન પરેશાન થઈ રહ્યા છે. આ સોસાયટીમાં રસ્તો કાચો હોવાથી અહીંના જાગૃત રહીશો દ્વારા પાલિકા ને રજૂઆત કરતા એક વર્ષ અગાઉ નવીન રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવીને મેટલ પણ પાથરી દેવામાં આવતા સોસાયટીના રહીશોને ઉબડખાબડ રસ્તાની સમસ્યામાંથી છુટકારો મળશે તેવી આશા બંધાઈ હતી. જોકે સોસાયટીમાં બની રહેલ નવીન રસ્તાની કામગીરી બંધ કરી દેવામાં આવતા અહીંના રહીશોને વાહન લઈને તેમજ પગપાળા નીકળવામા તકલીફ પડી રહી હતી. પાછલા એક વર્ષથી આ દેવકૃપા સોસાયટીના રહીશો માટે આ રસ્તો માથાના દુખાવા સમાન બની જવા સાથે બાઈક જેવા વાહન લઈને નીકળવું પણ મુશ્કેલરૂપ બની જતું હોવા સાથે અનેક સમસ્યાઓથી અહીંના રહીશો હેરાન પરેશાન થઈ રહ્યા છે.સોસાયટીમાં રસ્તા સહિતની સમસ્યાને લઈને અહીંના જાગૃત નાગરિકો દ્વારા વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ અને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને પણ આ બાબતે રજૂઆત પણ કરવામાં આવી છે.આ સોસાયટીના રહીશો દ્વારા નગરપાલિકા માં વેરો પણ સમયસર ભરતા હોય તેમ છતાં પાલિકા દ્વારા આ દેવકૃપા સોસાયટીના રસ્તા સહિતની સમસ્યા હલ કરવા માટે શુભમુહૂર્ત ની રાહ દેખી રહ્યા હોય એમ લાગી રહયુ છે.નગરપાલિકા ના ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખ સહિતના સત્તાધીશો એ પોતાની નૈતિક ફરજ સમજીને દેવ કૃપા સોસાયટીની મુલાકાત લેવામાં આવે તે પણ જરૂરી હોય ત્યારે જોવુંજ બની રહ્યું કે સંબંધિત તંત્ર એટલે પાલિકા દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવશે કે પછી આજ રીતે અહીં ના રહીશોને આ બિસ્માર રસ્તા પરથી રોજિંદા પસાર થઈને નીકળવું પડશે એ તો આવનારા દિવસોમાં ખબર પડી જશે તો નવાઈ નહી.

# જાંબુઘોડા તાલુકામાંથી હોટલ, લારીઓમાં મામલતદાર અને ટીમ દ્વારા ચેકિંગ કરી ૬ ગેસના બોટલ જપ્ત કર્યા

જાંબુઘોડા,

જાંબુઘોડા મામલતદાર અને તેમની ટીમ દ્વારા જાંબુઘોડા તાલુકામાં ચાલતી હોટલ, રેસ્ટોરન્ટ, અને ખાણી-પીણીની લારીઓ પર ઓચિંતુ ચેકિંગ હાથ ધરવામાં આવતા ઘરેલુ વપરાશના છ જેટલા સિલીન્ડરો ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

જાંબુઘોડા મામલતદાર અને તેમની ટીમ દ્વારા જાંબુઘોડા સહિત તાલુકામાં ચાલતી હોટલોમાં ઓચિંતુ ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. જાંબુઘોડા મેઈન રોડ પર આવેલ હોટલો અને લારી તેમજ પીપીયા ખાતે આવેલ રવેચી હોટલ ઉપર તપાસ કરતા ઘરેલુ વપરાશના બે ગેસ સિલીન્ડરો મળી આવ્યા હતા. તેણી સાથે કુલ છ જેટલા ગેસ સિલીન્ડરની જમાં લીધા હતા. જયારે મામલતદારની કામગીરીની વાત ગામમાં પ્રસરી જતાં અનઅધિકૃત રીતે વપરાશ કરતા હોટલ માલિકો તેમજ લારી ગલ્લાવાળાઓમાં ફફડાટ ફેલાયો હતો. જયારે મામલતદારે જમાં કરેલા ગેસ સિલીન્ડરને જમાં કરી ઉપલા અધિકારીઓને રિપોર્ટ કરવામાં આવશે અને ઉચ્ચ અધિકારીઓની સુચના અને માર્ગદર્શન મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળ્યુ હતુ.

# ગોધરા તાલુકાના ગોલ્લાવ તળાવના મુવાડા ગામે મહિલાના ઘરમાં રાખેલ ૧.૩૩ લાખનો ઈંગ્લીશ દારૂ-બિયર ઝડપાયો

ગોધરા,

ગોધરા તાલુકાના ગોલ્લાવ તળાવના મુવાડા ગામે મહિલા પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ અને બિયર મળી કુલ રૂ.૧,૩૩,૩૨૦/- નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના ગોલ્લાવ તળાવના મુવાડા ગામે રહેતી આરોપી શકરીબેન પ્રવિણભાઈ મધુભાઈ લુહાર પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે ગોધરા તાલુકા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઘરમાંથી માઉન્ટ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બિયર ટીનની પેટીઓ નંગ-૨૧, તથા છુટા ટીન નંગ-૧૨ મળી ૬૭,૦૮૦/-રૂપિયા બિયર તથા રોયલ સ્પેશિયલ વ્હિસ્કિ પ્લાસ્ટિક કવાટરીયા પેટીઓ નંગ-૧૨ કિ.રૂ.૬૬,૨૪૦/-રૂપિયા મળી કિ.રૂ.૧,૩૩,૩૨૦/- ના દારૂના જથ્થો કબ્જે લેવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી મહિલાના ઘરે હાજર નહિ આવી ગુનો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસે નોંધાવવા પામી છે.

# ગોધરા તાલુકાના નાની કાંટડી ગામની જમીનના બોગસ વારસદારો ઉભા કરી જમીન વેચાણની તમામ નોંધ રદ્દ કરાઈ

ગોધરા,

ગોધરા તાલુકાની નાની કાંટડી ગામની પારસી પરિવારની ૩૫ એકર જમીન માટે બનાવટી વારસદારો ઉભા કરી વેચાણ કરી દેવાયેલ જમીનની વેચાણ નોંધો જિલ્લા કલેકટર દ્વારા રદ્દ કરીને જમીનને મુળ સ્થિતિમાં ફેરવવામાં આવી છે.

નાની કાંટડી ગામે ખેતીની જમીનમાં બોગસ વારસાઈ કરાવીને અંદાજે ૩૬ એકર જેટલી જમીનના વેચાણ દસ્તાવેજ કરી આપવાના બહુચર્ચિત જમીન પ્રકરણ સંદર્ભમાં જમીનના પુના ખાતે રહેતા વારસદાર આરતીબેન સંજીવભાઈ મહાજન દ્વારા દાહોદ ખાતે રહેતા કુલમુખત્યાર ખુરશીદ સૌરાજી ભેસાણીયા મારફતે નાની કાંટડીની જમીન સંદર્ભમાં ગોધરા પ્રાંત અધિકારી દ્વારા કરવામાં આવેલ આરટીએસ અપીલના હુકમો સામે વકીલ મારફતે દાખલ કરેલ રિવીઝન અપીલને પંચમહાલ કલેકટર દ્વારા મંજુર કરી આ જમીન પ્રકરણની જમીન વેચાણની તમામ ફેરફાર નોંધો નામંજુર કરતા ચકચાર મચી જવા પામી છે. કલેકટરે જમીનના જુના રેવન્યુ રેકર્ડ મુજબ મુળ માલિકના નામો દાખલ કરવાનો હુકમ કર્યો છે. આ જમીનના પ્રકરણમાં તટસ્થ તપાસ કરવાના બદલે ફેરફાર નોંધો મંજુર કરવાના પ્રાંત અધિકારીના આરટીએસ અપીલના હુકમો અને નિર્ણયો પણ શંકાના દાયરામાં આવી રહ્યા છે. ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકમાં સુરતના બોગસ વારસદાર ડેઝાલ્ટ અંકલેશ્વરીયા વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. આ બોગસ વારસદાર પાસેથી જમીન વેચાણ દસ્તાવેજ અંધી પરિવારે કરવી લીધેલ હતો. આ બોગસ દસ્તાવેજનુ પ્રકરણ બહાર આવ્યા બાદ પુના ખાતે રહેતા આરતીબેન સંજીવ મહાજને દાહોદ ખાતે રહેતા કુલમુખત્યાર ખુરશીદ સૌરાબજી ભેસાણીયા મારફતે દાખલ કરાયેલી અરજીની સુનાવણી બાદ પંચમહાલ કલેકટર દ્વારા કાર્યવાહી કરાઈ છે.

# કાંકણપુર સાયન્સ કોલેજના રસાયણશાસ્ત્રના પ્રો. ડો. પરેશભાઈ સોલંકીને પી.એચ.ડી ઉપાધિ મળી



ગોધરા,

સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એન.એ.પટેલ સાયન્સ કોલેજ કાંકણપુર ખાતે રસાયણશાસ્ત્ર વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.પરેશભાઈ સોલંકીએ ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાંથી શેઠ પી ટી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરાના રસાયણશાસ્ત્ર વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડો. મુકેશભાઇ ચૌહાણના માર્ગદર્શન હેઠળ પીએચ.ડીની ઉપાધિ મેળવેલ છે. તે બદલ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી મૌલીનભાઈ બી શાહ તથા સમસ્ત કોલેજ પરિવાર દ્વારા તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી આવકાર્યા છે.

# ગોધરા બી-ડીવીઝનના પશુ સંરક્ષણ એકટના ગુનામાં વોન્ટેડ આરોપીને એસ.ઓ.જી.પોલીસે ઝડપ્યો

ગોધરા

ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકના પશુ સંરક્ષણ એકટના ૩ ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી અંગે મળેલ બાતમીના આધારે એસ.ઓ.જી.પોલીસે ઝડપી પાડયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે આરોપી ઉંમર ફારૂક અબ્દુલગની બદામ સામે ૩ જેટલા પશુ સંરક્ષણ હેઠળના ગુના નોંધાયેલા હોય નાસ્તો ફરતો વોન્ટેડ આરોપી હોય આરોપી અંગે




એસ.ઓ.જી.પોલીસને બાતમી મળી હતી કે, વાંસાપુર રોડ અલી મસ્જિદ પાછળ ઈબાદતગાહ પાસે ઉભેલ છે તેવી બાતમીના આધારે તપાસ કરી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

# નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત સ્વચ્છતા પખવાડિયામાં નગર પાલિકા દ્વારા એ.પી.એમ.સી ગોધરામાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું

ગોધરા,

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણાથી સ્વચ્છતા હી સેવા અભિયાનમાં વ્યાપકપણે જન જાગૃતિ આવેલ છે. લોક સેવક મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં દિશા નિર્દેશમાં રાજયમાં સ્વચ્છતાના અનેક કાર્યો અને અભિયાન ચાલી રહેલ છે. જેમાં સૌ નગરજનો સાથ સહકાર આપી



રહેલ છે.

નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત સ્વચ્છતા પખવાડિયામાં આજ રોજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોધરા ખાતે નગર પાલિકાના કર્મચારી આર કે મહેતાની દેખરેખમાં માર્કેટ યાર્ડ ની સાફ સફાઈ ની કામગીરી કરવામાં આવેલ. અને યાર્ડમાં માખી મચ્છર ની ઉદભવ ન થાય તે માટે પાવડર નો છંટકાવ કર્યો.ગોધરા નગર પાલિકાના પ્રમુ જયેશભાઈ ચૌહાણ અને સભ્ય દ્વારા ગોધરા નગર વધુમાં વધુ સ્વચ્છ રહે અને નગરજનો ને નિરંતર સારી સુવિધાઓ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

# ગોધરામાં પાલિકા પાસે ૧૬ જર્જરિત મકાનો ઉતારી લેવા મંજુરી માંગી

ગોધરા,

ગોધરા નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ૨૪ જર્જરિત મકાનોને વર્ષ દરમિયાન નોટિસ આપવામાં આવી હતી. અને ચોમાસની ઋતુમાં મકાન ધરાશાઈ થઈ કોઈને નુકસાન ન પહોંચે એ પુર્વે આ તમામ જર્જરિત મકાનો નીચે ઉતારી લેવા માટે સુચના આપવામાં આવી હતી.દરમિયાન ૧૬ જેટલા મકાન માલિકોએ પોતાના જર્જરિત મકાન ઉતારી લેવા માટે નગરપાલિકા પાસે પરમીશનની માંગણી કરી છે. અને જર્જરિત મકાનો ઉતારી લેવામાં આવ્યા હોવાનુ પાલિકાના જુનિયર ટાઉન પ્લાનરે જણાવ્યુ હતુ.

ગોધરા શહેરમાં આવેલા જર્જરિત મકાનોને જાહેર જનતાની સલામતીના ભાગરૂપે સમયસર નીચે ઉતારી લેવા માટે નગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી છે. આ અંગે નગરપાલિકાના જુનિયર ટાઉન પ્લાનર સાથે વાતચીત દરમિયાન તેઓએ જણાવ્યુ હતુ કે,જર્જરિત મકાનો ઉતારવા અંગે આપવામાં આવેલી નોટિસની અવગણના કરનાર મકાન માલિકની જર્જરિત મિલ્કતને નગરપાલિકા દ્વારા મકાન માલિકના ખર્ચે ઉતારી લેવાની કામગીરી પણ કરવામાં આવશે. જોકે ગોધરા શહેરના કેટલાક વિસ્તારોમાં જર્જરિત મિલ્કત ધરાવતા માલિકો દ્વારા પોતાની જર્જરિત મિલ્કત નીચે ઉતારી લેવામાં ઉદાસીનતા સેવવામાં આવતી હોવાનુ પણ જોવા મળી રહ્યુ છે. ત્યારે નગરપાલિકા દ્વારા પુર્વે લાંબા સમયથી નોટિસો આપ્યા બાદ પણ જર્જરિત મકાન નીચે ઉતારવાની કામગીરી કરવામાં ન આવી હોય અથવા તો મકાન નીચે ઉતારવા માટે પરમીશનની માંગણી ના કરવામાં આવી હોય તેની સામે સત્વરે જરૂરી પગલા ભરવામાં આવે એવુ નાગરિકો ઈચ્છી રહ્યા છે.

# કાલોલ શિવાલય ડુપ્લેક્ષમાં રહેતા ૪૬ વર્ષિય વ્યકિતનો મૃતદેહ કણેટીયા નર્મદા કેનાલમાંથી મળ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના કણેટીયા નર્મદા કેનાલના હાલોલના શિવાલય ડુપ્લેક્ષ સોસાયટીમાં રહેતા ૪૬ વર્ષિય વ્યકિત દારૂ પીવાતી ટેવ ધરાવતો હોય અને દારૂ નહિ પીવુ તો જીવી નહિ શકુ તેમ કહી ઘરેથી નીકળી ગયેલ હોય તેનો મૃતદેહ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ શિવાલય ડુપ્લેક્ષ સોસાયટીમાં રહેતા તરૂણ કાશીરામ પાટીલ દારૂ પીવાની ટેવવાળા હોય તેમને દારૂ પીવાની ના પાડવામાં આવી હતી. દારૂ નહિ પીવુ તો જીવી નહિ શકુ તેમ કહીને ૧૧ જુનના રોજ ઘરેથી કયાંક નીકળી ગયેલ હતા અને ૧૩ જુનના રોજ કાલોલ તાલુકાના કણેટીયા ગામે નર્મદા કેનાલના પાણીમાંથી મરણ ગયેલ હાલતમાં મળી આવેલ હોય આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ગોધરાના લસબાણીયા ગામે ખેતરમાં કતલ માટે ગોંધી રાખેલ ૨૭ ગૌવંશને પોલીસે બચાવ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના લસબાણીયા ગામે ખેતરમાં આરોપીઓએ કચલના ઈરાદે ઘાસચારા કે પાણી વગર ટુંકા દોરડાથી બાંધી રાખેલ છે તેવી બાતમીના આધારે રેઈડ કરી ગાયો અને બળદ મળી કુલ ૨૭ કિ.રૂ.૨,૫૪,૦૦૦/-ને છોડાવી લેવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના લસબાણીયા ગામે આરોપી ઈસમ ભરતભાઈ મંગળભાઈ સરાણીયાએ પોતાના ખેતરમાં ઘાસ ચારો કે પાણી વગર કતલના ઈરાદે ગૌવંશ બાંધી રાખેલ છે તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ટુંકા દોરડાં વડે દયનીય સ્થિતિમાં બાંધી રાખેલ બળદ નંગ-૭ તથા ગાયો નંગ-૧૦ મળી કુલ ૨૭ પશુઓ કિ.રૂ.૨,૫૪,૦૦૦/-ને પોલીસે છાપો મારીને બચાવી લેવામાં આવ્યા હતા. બચાવી લેવાયેલ પશુઓને પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસની રેઈડ દરમિયાન આરોપી મળી આવેલ ન હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસે પશુ સંરક્ષણ એકટ હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી હતી.